
# હરજીવન પ્રકાશ

(ગુજરાતી માસિક પત્રિકા)

E-magazine

સપ્ટેમ્બર - ૨૦૨૪



## હરજીવન આશ્રમ

### થિયોસોફિકલ સોસાયટી / ટીઓએસ

તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા, (ઉત્તર ગુજરાત), પિન - ૩૮૩૨૨૦

# સંપાદક મંડળ

## ❖ સંરક્ષક :

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**
પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

- Email: harjivanashram@gmail.com

## ❖ પરામર્શક :

**શ્રી નરેન્દ્રભાઈ બી. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી.

**શ્રી કાંતિભાઈ કે. પટેલ**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી

હરજીવન આશ્રમ, કડોલી

**શ્રી વિજયભાઈ એલ. પંડ્યા**

ઉપ પ્રમુખ, થિયોસોફિકલ સોસાયટી
હરજીવન આશ્રમ, કડોલી.

## સંપાદક

**શ્રી દીપક આર. પંડ્યા**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી
Mobile: 9427221220 / 9510378094

## સહસંપાદક

**શ્રી નરેન્દ્રભાઈ ડી. પટેલ,**
મંત્રી,
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

**શ્રીમતી કૈલાસબા સી. રાઠોડ,**
થિયોસોફિકલ સોસાયટી, હરજીવન આશ્રમ, કડોલી

## અનુક્રમ


| ક્રમાંક | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| 1. | સંપાદકીય | દીપક પંડ્યા | 03 |
| 2. | અધ્યક્ષીય | કાંતિભાઈ કે. પટેલ | 05 |
| 3. | વિવિધા | શંકરભાઇ પટેલ અને અન્ય રચનાકાર | 07 |


- પ્રૂફ વાંચન સહયોગ : **શ્રી શંકરભાઇ એચ. પટેલ,**
  ઉપપ્રમુખ શ્રી અને ભૂતપૂર્વઆચાર્ય, કડોલી હાઇસ્કૂલ
  - Title page of the magazine is Designed with help of AI

## સૂચના

- શ્રી હરજીવન આશ્રમ કડોલીની આ માસિક ગૃહ-ઈ-પત્રિકામાં પ્રકાશિત લેખ/આલેખ, કવિતા અને અન્ય સાહિત્ય સંબંધિત લેખકોના પોતાના મૌલિક વિચારો છે જે સંપાદક મંડળને બંધનકર્તા નથી. ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અંતર્ગતની તમામ લૉજના સભ્યો તેમની મૌલિક જ્ઞાનવર્ધક રચનાઓ, સંકલન વિગેરે પ્રકાશન હેતુ સોફ્ટ કોપીમાં ઈમેલ દ્વારા મોકલી શકે છે.

# સંપાદકીય :

પ્રિય સુજ્ઞ પાઠકો,

નમસ્કાર !

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી દ્વારા પ્રકાશિત ઈ-પત્રિકા 'હરજીવન પ્રકાશ' અંક – સપ્ટેમ્બર – 2024 આપની સમક્ષ રજૂ કરતાં અમને અતિ પ્રસન્નતા અનુભવ થઈ રહી છે.

સર્વત્ર વર્ષાકાળથી હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી કડોલીની આસપાસનું પ્રાકૃતિક સૌંદર્ય સોળેકળાએ ખીલી ઉઠ્યું છે, ચરોતરફ હરિયાળી છવાયેલી રહી છે. પર્યાપ્ત મેઘવર્ષા થવાથી મબલખ ખેતી ઉત્પાદની સંભાવનાઓ લોકજીવનમાં જાગી ઉઠી છે. પેલું ઊછળતું કૂદતું સાબરતીર્થ ભાવવંદના કરતું સૌ કોઈને આવકરતું હોય એવી અનુભૂતિ કરાવતું ભાસી રહ્યું છે.

હરજીવન આશ્રમ, કડોલીના વિગત લગભગ સાત..સાત દાયકાઓથી અવિરત ચાલી રહેલી થિયોસોફિક પ્રવૃત્તિઓની દિશામાં 25 ઓગસ્ટ - 2024નો દિવસ અતિમહત્વનો બની રહ્યો છે. મેમ્બરશીપ રિન્યુયલનું કામકાજ બધા જ સભ્યશ્રીઓના સહકારથી નિર્ધારિત સમય મર્યાદામાં જ પૂર્ણ થઈ ચૂક્યું છે, સંસ્થાગત વાર્ષિક રિપોર્ટ પણ તૈયાર કરી મોકલાઈ ચૂક્યો છે. સાપ્તાહિક મિટિંગો, આધ્યાત્મિક અને જનસેવી પ્રવૃત્તિઓ સંસ્થાના સભ્યશ્રીઓના દ્રઢ સંકલ્પ બળે, પુરાષાર્થ અને આર્થિક સહયોગથી ઉત્તરોત્તર એક નિશ્ચિત દિશા તરફ ગતિ- પ્રગતિ કરતું રહ્યું એ ગુરુદેવોની અસિમ કૃપાથી સંભવ બની શક્યું છે જે ગુજરાત ફેડરેશનની અન્ય લોજની સરખામણીમાં પરસ્પર પ્રેરક અને અનુકરણીય રહ્યું છે.

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટીના ગૌરવવંતા ઈતિહાસમાં સૌપ્રથમ વાર કડોલીથી નજીકમાં લગભગ બે કિલોમીટરના અંતરે સાબરતટ પર આવેલ "સપ્તનાથ મહાદેવ તીર્થ સ્થાનનો "આધ્યાત્મિક પ્રવાસ" યોજવામાં આવ્યો અને સંસ્થાના 70-80 ભાઈઓ-બહેનો ઝરમર વરસતા વરસાદમાં સહયાત્રી બન્યા હતા. સંસ્થાની પરંપરા પ્રમાણે સપ્તેશ્વર ધામમાં પવિત્ર 'ભારત સમાજ પૂજા' શ્રીયુતા કૈલાસબા રાઠોડે સંપન્ન કરવી હતી. આ પ્રસંગે હરજીવન આશ્રમ, કડોલીના નિમંત્રણનો સહર્ષ સ્વીકાર કરી ગુજરાત ફેડરેશનના યશસ્વી મહામંત્રી શ્રી સી.કે. સોની સાહેબ વિશેષ પ્રેરક અને ઉત્સાહવર્ધક રીતે સહભાગી બન્યા હતા. સંસ્થાના પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલની સાથે સંસ્થાના ઉપપ્રમુખ (પ્રશાસન), (વિકાસ) અને (આયોજન) ક્રમશઃ શ્રી શંકરભાઇ એચ. પટેલ, શ્રી વિજયભાઈ એલ. પંડ્યા, શ્રી નરેન્દ્રભાઈ બી પટેલ, મંત્રીશ્રી નરેન્દ્ર ડી. પટેલ, સહમંત્રી સુશ્રી નયનાબેન પંડ્યા તથા અનેક સભ્યશ્રીઓ પરિવાર સાથે અને ટિફિન લઈ હાજર રહ્યા હતા અને પ્રકૃતિના ખોળે અનેરા આનંદ સાથે 'વહેંચીને ભોજન' કરવાનો લાભ લઈ ધન્ય થયા હતા. શ્રાવણ માસના આ સાતમ-આઠમના પર્વના

દિવસોમાં સમનાથ ધામમાં માનવ મેદની ઉભરાતી રહેતી હોય છે પરંતુ સમનાથ ટ્રસ્ટના રચનાત્મક સહયોગથી સુંદર આયોજન સંભવ બની શક્યું હતું. ભારત સમાજ પૂજા સંપન્ન થયા બાદ શ્રી સી. કે. સોની, મહામંત્રી, જીટીએફ, શ્રી કાંતિભાઈ પટેલ, સંસ્થા પ્રમુખ, શ્રી શંકરભાઇ પટેલ, ઉપપ્રમુખ, શ્રી વિજયભાઈ પંડ્યા, ઉપપ્રમુખશ્રીએ પ્રેરક સંબોધન કર્યું હતું અને ત્યારબાદ બહેનોએ ભજનોની રમઝટ નૃત્ય સાથે બોલાવી સૌને અભિભૂત કરી દીધા હતા, શ્રી કાંતિભાઇ પટેલ અને શ્રી સી.કે. સોની સાહેબે બધા જ મેમ્બર્સને દૈનિક જીવનમાં થિયોસોફીને વાસ્તવિક રીતે સ્થાન આપવા તથા ભાઇચારા – બંધુત્વની ભાવના આ પ્રકારના કાર્યક્રમોના આયોજનોથી પ્રબળ બનાવવા પ્રેરક વિચાર રજૂ કર્યા હતા. 'કશુંક આધ્યાત્મિક મેળવવાની સાથે કશુંક જીવનોત્કર્ષક આપવા'ની શુભકામના વ્યક્ત કરી હતી.

અમેરિકામાં વસવાટ કરી રહેલી કોઇ વ્યક્તિ દ્વારકાધીશ કે સોમનાથ અથવા કોઇપણ તીર્થ સ્થાનનાં દર્શન - આરતી લાભ સહજ રીતે કરી રહ્યો છે. આ યુગની આ અસાધારણ ઉપલબ્ધિ છે.

સંસ્થાગત હોય કે વ્યક્તિગત, પણ વિકાસની પ્રક્રિયા પરસ્પર સહયોગી બન્યા વિના સંભવ નથી. કબીરજી સારતત્ત્વને ગ્રહણ કરવા કહેતા રહ્યા છે. એમના માટે સુપડાની મહત્તા વધુ છે, કારણ તે પોકળ-ખોખલી વસ્તુઓને દૂર કરી નક્કર વસ્તુને પાસે રાખે છે.કબીરજીના વચનોમાં...' થોથા દેયી ઉડાય ! ' શબ્દોને મહિમાવંત કરવાનો સૂત્રપાત કર્યો હતો.

**ખૂબ વાંચન કરવું, મનન કરવું અને દૈનિક જીવનમાં તેના સારતત્ત્વને અવકાશવું શ્રેયકર બની શકે છે.**

વિશ્વબંધુત્વનો આપણો સિદ્ધાંત વાસ્તવિક રીતે ચરિતાર્થ કરવા માટે દરેકની સાથે સમવેદી બની રહેવું એ પૂર્વશર્ત સમાન કહી શકાય. પદ-પ્રતિષ્ઠા અર્જિત કરી માનવીય વ્યવહારનું અવમૂલ્યન કરાય તો આપણે સાચા અર્થમાં થિયોસોફીને પચાવી શક્યા નથી તેમ નિર્વિવાદપણે કહી શકાય.

આપણા સૌમાં 'હરજીવનનો પ્રકાશ' અવતરિત થતો રહે , અને તે "હરજીવન પ્રકાશ" જન..જન સુધી પહોંચાડવાની સંસ્થાનીઅભિલાષા રહી છે. હરજીવન આશ્રમની સુવાસ સર્વત્ર ફેલાય તે દરેક સભ્યની પ્રાથમિકતા હોવી જોઈએ.

પ્રતિમાસ સંસ્થામાં નવા મેમ્બર્સ જોડાવાની પ્રક્રિયા અવિરત ચાલી રહી છે. ઓગસ્ટ -2024માં નવા 23 નવા મેમ્બર્સ માટેનાં ફોર્મ્સ પ્રાપ્ત થયાં છે જે જીટીએફ મહામંત્રી શ્રી સી.કે સોની સાહેબને સુપ્રત કરવામાં આવ્યા હતા.

થિયોસોફીનું સ્વરૂપ બહુઆયામી છે, તે કથા સાહિત્યમાં, કવિતા સાહિત્યમાં કે આધ્યાત્મિક ગ્રંથોમાં કવિ-સર્જક અથવા લેખક દ્વારા હૃદયસ્થ થયેલ છે. એક સંશોધકની રીતે આપણે તેનો અભ્યાસ અને આવિષ્કાર કરતા રહેવાનું છે. ગુરુદેવોના દિવ્ય આશિષથી જીવનની તમામ ઘટનાઓમાં થિયોસોફી શોધતા રહેવું અને ધર્મ, જાતિ કે રંગના ભેદભાવ વિના ઈશ્વર નિર્મિત માનવ અને પ્રકૃતિ પ્રત્યે ઉદ્દાત્ત પ્રેમ

દાખવી વિશ્વબંધુત્વ પ્રતિષ્ઠિત કરવા તત્પર બની રહેવાનું છે.

વંદન .... આભાર !

**દીપક પંડ્યા**

# અધ્યક્ષીય,



પ્રિય આત્મીયજનો,

નમસ્કાર !

જીટીએફ દ્વારા મેડમ બ્લેવત્સ્કિના રહસ્યત્મક મહાન ગ્રંથ "ધ સિક્રેટ ડોકટરીન' ગુજરાતી ભાષામાં પ્રકાશન કરવાનો ઉપક્રમ અભિનંદનીય માની રહ્યો છું, આ ગ્રંથ દરેક ભાઈઓ અને ભગિનીઓ માટે સુલભ બની રહેશે એવી કામના કરી રહ્યો છું.

થોડાક સમયમાં જ, હરજીવન આશ્રમ, કડોલી પણ આપણા પરમ દૈવત્વન મહાપુરુષ પૂ. હરજીવન કાલિદાસ મેહતા 'દાદાજી'ના ભાગવત સમાન ગ્રંથ 'હરજીવન સૌરભ'ને ઈ-પુસ્તક રૂપે પ્રકાશિત કરવા કૃતનિશ્ચયી છે. આ ગ્રંથ દરેક સભ્યના મોબાઈલમાં ઉપલબ્ધ થાય અને સૌ કોઈ માટે સુલભ બને એવી કામના છે... અને રચનાત્મક દિશાએ વિચાર કરી રહ્યા છીએ. આ ગ્રંથનું સંપૂર્ણ કોંપ્યુટીકરણ સંસ્થામાં જ અને સંસ્થાના જ તજજ્ઞો દ્વારા તૈયાર કરવા પ્રતિબધ્દ્ધ છીએ.

એક જનસેવી યોજના પ્રમાણે, ગુજરાત થિયોસોફિકલ ઓર્ડર ઓફ સર્વિસના યશસ્વી પ્રમુખશ્રી હિતેશભાઇ પટેલ અને ટીઓએસ મુખ્યાલયના સહયોગથી અને માર્ગદર્શન પ્રમાણે કડોલી તથા આસપાસના વિસ્તારો માટે 'એમ્બ્યુલન્સ સર્વિસ' આરંભ કરવા વિશેષ બૃહદ પરિયોજના હરજીવન લોજ દ્વારા તૈયાર કરવામાં આવી રહી છે.

શ્રી હરજીવન આશ્રમ, કડોલીની થિયોસોફિકલ ગતિવિધિઓને બહુઆયામી બનાવવા ઉત્સાહ અને લગન સાથે કાર્ય કરી રહેલા આપ સૌ વંદનીય અને પ્રાતઃસ્મરણીય છો.

'હરજીવન પ્રકાશ' પત્રિકાનો પ્રકાશ વ્યાપક સ્તર પર ફેલાઈ ચૂક્યો છે. આપણી પત્રિકા અવિરત જુલાઇ માસના અંકથી ત્રીજા વર્ષમાં પ્રવેશી ચૂકી છે. આ ભગીરથ કાર્યનું વહન કરી રહેલા બધા જ સભ્યજનોનો સહકાર સર્વથા પ્રેરક, અનુકરણીય અને વંદનીય છે. સમસ્ત ગુજરાત ઉપરાંત લખનૌ, મુંબઈ, વારણસી, ચૈનઈ, દિલ્હી વિગેરે સ્થાનો પર વસતા આપણા બંધુઓ અને ભગિનીઓનો રચનાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે તે વિશેષ આનંદની વાત છે. બીજું, પત્રિકામાં પ્રકાશન માટે વિવિધ સ્તરીય અને વિવિધ વિષયો પર સાહિત્ય સામગ્રી પણ મળતી રહી છે તે પ્રેરક વાત છે.

શ્રી હરજીવન આશ્રમ થિ.સો. કડોલી દ્વારા સંકલ્પિત ઈ-પત્રિકા "હરજીવન પ્રકાશ"નો અંક સમયસર

નવારંગરૂપ સાથે પ્રકાશિત થાય તે આપણા સૌ માટે અત્યંત હર્ષની વાત છે.

પત્રિકામાં સમાવેશ કરાયેલ સાહિત્ય થિયોસોફીના આંતરિક સ્વરૂપને પ્રગટ કરનાર છે. એક કાળે આપણા મહાપુરુષોએ આપણને વિપુલ સાહિત્ય આપ્યું છે આજે પણ તેઓ આપણું માર્ગદર્શન કરી રહ્યા છે. અહીં 'હરજીવન પ્રકાશ'ના માધ્યમથી પીરસાઈ રહેલ કવિતા કે કથાસૃષ્ટિમાં થિયોસોફીનો વ્યાવહારિક પક્ષ પ્રગટ થઈ રહ્યો છે. તેનો રણકાર સાંભળી શકાય તેમ છે.  આ બધી જ રચનાઓમાં સર્જકના ઉરના સુર છે. તેમાં ચરિત્ર-નિર્માણની સંભાવનાઓ રહેલી છે.

આખરે થિયોસોફી શું છે ? કોઇ એક સર્જક, વિચારકના રજૂ થયેલ વિચારને થિયોસોફી અંતર્ગત સમાવેશ કરી શકાય છે. સર્જક્ના મૌલિક વિચારો તેની વ્યક્તિગત સોચ છે. તેમાં થિયોસોફીનો તત્ત્વબોધ સંભવ છે.

થિયોસોફી તો અનંત આકાશગંગા સમાન છે. અનેક મહાપુરુષોની વાણી, વ્યવહાર અને આચરણને બળે લોકકલ્યાણ માટે નિષ્પન્ન થયેલો પ્રવાહ અવિરત વહી રહ્યા છે. તે અતિસૂક્ષ્મ અને અનુભૂતિજન્ય છે.

'હરજીવન પત્રિકા'નું સાહિત્ય આપણી સુસુપ્ત થયેલી અનુભૂતિને જગાડનારું છે. તેમાં આદિકવિ નરસિંહ મહેતાથી આજ સુધીના, કેટલાક નવોદિત સર્જકોનાં સ્પંદનો સમાહિત કરવાની પૂર્ણ સંભાવનાઓ રહેલી છે. સાહિત્યનું સમકાલીન હોવું તેને સરસ, સુંદર અને લોકભોગ્ય બનાવી શકે છે કારણ તે વર્તમાન સાથે હસ્તધૂનન કરતું રહે છે.

થિયોસોફી આપણી વૈજ્ઞાનિક દ્રષ્ટિ અથવા વિજ્ઞાનધર્મિતાને આવકારે છે. એટલે તે બંધિયાર નથી. દરેકને મહાપુરુષોના વચનો પર મૌલિક રીતે ચિંતન કરવાનો અબાધિત અધિકાર સ્વતઃ સાંપડેલો છે. ચિંતનની પ્રક્રિયા તુલનાત્મક બની રહે તે પણ અપેક્ષિત છે. તેના વિના થિયોસોફીને સમજવી કે વ્યવહારમાં તેનું પ્રવર્તન સંભવ બની શકે નહીં.

મહાન તત્ત્વચિંતકની વાણીની તુલનામાં એક સીધા સાદા ભજનિકના હૃદયથી પ્રગટેલા નાદનું જરા પણ ઓછું મૂલ્ય આંકી શકાય નહીં. તે પણ થિયોસોફીનું સ્વરૂપ જ છે.

હરજીવન આશ્રમની પાયાની વિચારધારામાં દરેક માટે સમાન ભાવ, આદર અને ચેતનવંતુ વિશ્વબંધુત્વ મહાપુરુષોના આશિષથી ધબકતું રહ્યું છે અને રહેશે તેવી શ્રધ્ધા ધરાવું છું.

કડોલી એક નાનકડું ગામડું છે પણ દૈવતવાળું છે. આપ સૌના હૃદયમાં કડોલીનાં સંસ્મરણો હૃદયસ્થ બની રહ્યાં હશે. અમારા સન્નિષ્ઠ પ્રયાસો અને આપ સર્વે પ્રત્યેના અનન્ય અનુરાગ દિનપ્રતિદિન પ્રગાઢ બનતો રહી સૌની સંગતે વૈવિધ્યપૂર્ણ થિયોસોફી કર્મ કરાવશે એવી કામના કરી રહ્યો છું.

હરજીવન આશ્રમની ગૃહ ઉદ્યોગ ક્ષત્રે અભૂતપૂર્વ પ્રગતિ થઇ રહી છે અને કડોલીની પ્રોડક્ટ હવે છેક મહાનગરો સુધી પહોંચી શકે એ જ અમારા સૌના અંતરની અભિલાષા છે. સૌ કોઇના જીવનમાં નિયમિતતા આવે, પ્રમાણિકતાનો સંચાર થાય એવી પ્રાર્થના ....!

સાધુવાદ !

- **કાંતિભાઈ કે. પટેલ**, પ્રમુખ

# વિવિધા

## ચેતનવંતા સ્પંદનો ....

ચિન્તનની ક્ષણે "કર્મનો અટલ સિધ્ધાંત "- (૯) કર્મ કરવામાં તું સ્વતંત્ર ફળ ભોગવવા માં પરતંત્ર ગીતાનું એક મહાવાક્ય છે કે- **કર્મણ્યે વાધિકા રસ્તે માં ફલેષુ કદાચન** અર્થાત કર્મ કરવામાં તારો અધિકાર છે . પરંતુ ફળ ભોગવવામાં તારો અધિકાર નથી. તું " કર્મ કર ફળ ની આશા રાખીશ નહીં આ મહા વાક્યનો અર્થ કરવામાં થોડી ગેરસમજૂતી થવાનો સંભવ છે. ભગવાન એવું ના કહે કે તું કર્મ કર પરંતુ ફળની આશા રાખીશ નહીં તું આખો મહિનો નોકરી કર, પરંતુ પહેલી તારીખે પગાર માગીશ નહીં અને લઈશ નહીં રેલ્વે સ્ટેશનથી મજૂર પાસે પોટલું ઊંચકાવીને હું તેને ગીતાનો ઉપદેશ કરું કે ભાઇ તું ગીતા વાંચ. કર્મ કરવામાં તારો અધિકાર છે, ફળમાં નહીં પોટલું ઉંચકવા નો તારો અધિકાર છે પરંતુ મજૂરીની પાવલી માંગવાનો તારો અધિકાર નથી. તો પેલો મજુર મને જવાબ આપે કે મારે ગીતાનું જ્ઞાન જોઈતું નથી પરંતુ મજુરી ની પાવલી જોઈએ છે ગીતા તમે એકલા વાંચજો મને મારી મજુરી ના ચાર આના આપી દો . કર્મ કરે એટલે ફળ તો મળેજ ફળ આપ્યા સિવાય કર્મ શાંત થાય જ નહીં. તો ઉપરોક્ત મહા વાક્યનો અર્થ સ્પષ્ટ છે. કર્મ કરવામાં તારો અધિકાર છે ફળમાં નહીં, એટલે કર્મ કરવામાં તું સ્વતંત્ર છું. પરંતુ ફળ ભોગવવામાં તું પરતંત્ર છું. કર્મ કરવું , ના કરવું, કેવું કરવું , શુધ્ધ બુધ્દ્ધિનો ઉપયોગ કરીને તેમાં પ્રવૃત થવામાં તું સ્વતંત્ર છું. પરંતુ તેનું ફળ ભોગવવામાં પરતંત્ર એટલે કે તારે ફળ ના ભોગવવું હોય તો પણ પરાણે ભોગવવું જ પડશે તેમાં આનાકાની કે છટકબારી ચાલશે નહીં. આપણે કોઈના ત્યાં મહેમાન બનીને ગયા હોઇએ તેને આપણા માટે વિવિધ પ્રકાર ના ભોજન બનાવ્યા હોય પણ આપણો શું ખાવું અને શું પીવુ તેનું ધ્યાન રાખવું જોઈએ એક જ મીઠાઈ કે કઠોર વધારે પ્રમાણમાં જમીએ તો આપણી તબીયત બગડે એટલે દવાખાને પૈસા ખર્ચ કરી દાખલ થવાનો સમય આવે . આમાં કોઈ ની લાગવગ ચાલે નહીં. એટલે આપણે કરેલુ કર્મ ફળ રૂપે આપણે ભોગવવું જ પડે. એટલે આ બાબત દરે કે સમજવાની જરૂર છે.

-વધુ આવતા અંકે જોઈશું

- આભાર

- **શંકરભાઈ પટેલ, કડોલી**

## ચારણી સાહિત્ય અને લોકસાહિત્ય

(ગતાંકથી...ક્રમશઃ)

ચારણોની યશોજ્જ્વલ કુળપરંપરાને યથાર્થ રીતે

સમજવાને બદલે કેટલાક લોકો પોતાની સંકુચિત દૃષ્ટિ અને કુંઠિત મનોવૃત્તિને કારણે તેમની રચનાઓને સમુચિત રીતે યોગ્ય સંદર્ભે તપાસવાને બદલે તેને સામંતશાહી સાહિત્ય કે રાજયાશ્રિત સાહિત્ય કહીને તેની ઉપેક્ષા કરે છે. ખરેખર તો સાચી માહિતીના અભાવે આમ થતું હોય તો તેમના માટે કેટલાંક સાહિત્યિક ઉદાહરણો કે પ્રમાણભૂત આધારો પ્રસ્તુત કરી શકાય, પરંતુ કોઇ સાચી વાત કે પ્રમાણભૂત વિગતો પ્રત્યે સહેતુક ધ્યાન ન આપે તો પછી ઉપાય શો? ચારણોને તો કુળપરંપરાથી એવા સંસ્કાર મળ્યા છે કે, ‘જગતજનની જગદંબા તેને યોગ્ય સમજણ આપે એવી પ્રાર્થના કરી તેનું પણ કલ્યાણ વાંચ્છવું.’ આવા શુભ અને કલ્યાણકારી અભિગમથી ચારણી સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યો વિષયક કેટલીક વિગતો અહીં પ્રસ્તુત કરી છે, તેને મેં મુખ્યત્વે ત્રણ ખંડમાં વિભાજિત કરી છે. પ્રથમખંડમાં ચારણોની કુળપરંપરાગત આઇપરંપરા વિશે, દ્વિતીય ખંડમાં સત્ય અને સાંસ્કૃતિક જીવનમૂલ્યોના ઉપાસક ચારણો વિશે અને તૃતીય ખંડમાં ભગવતી શારદાના ઉપાસક ભકતકવિઓ વિશે સંક્ષિપ્તમાં વાત કરીને, માત્ર અંગુલિનિર્દેશ કર્યો છે જેથી ચારણત્વના ઉપાસક ચારણોનો યથાર્થ પરિચય મળી રહે.

ભારતીય ઋષિપરંપરાને અનુસરનારા ચારણો અરણ્યવાસી છે, તેઓનો નિવાસ હિમાલય, કૈલાસ અને ગંધમાદન પર્વતમાં હોવાની માહિતી મળે છે. યજુર્વેદ, રામાયણ, મહાભારત, શિવપુરાણ, ગણેશપુરાણ, પદ્મપુરાણ અને શ્રીમદ્ભાગવત આદિ પૌરાણિક ગ્રંથોમાં ચારણોનો ઉલ્લેખ મળે છે. તો જૈન શાસ્ત્રો, ઐતિહાસિક ગ્રંથો અને લોકપરંપરા-કંઠસ્થ પરંપરામાં ચારણો વિશે કહેવાયેલી ઘણી વાતો મળે છે, જેમાંથી તેમનું ઉજ્જવળ ચરિત્ર ઊપસે છે અને ચારણો શક્તિપૂજક હોવાની માહિતી મળે છે. જગતજનની ભગવતી સતીએ ચારણોને વચન આપેલું કે, ‘તમે સ્મરણ કરશો તો હું રક્ષાર્થે આવીશ અને ચારણકુળમાં અવતાર લઇશ.’ આ વાતની પૂર્ણ પ્રતીતિ થાય એ રીતે આજપર્યંત ચારણકુળમાં આઇપરંપરા જળવાયેલી છે. ભકતકવિ દુલા કાગે તો આ સંદર્ભે એક કાવ્યમાં કહ્યું છે કે:

ભાન બેભાનમાં માત ! તુજને રટયા,

વિસારી બાપનું નામ દીધું;

ચારણોએ જન્મથી પક્ષપાતી બની,

શરણ જનની તણું એક લીધું રે...

તેં લડાવી ઘણાં લાડ મોટાં કર્યાં,

પ્રથમ સતકાવ્યનાં દૂધ પાયાં;

ખોળલે ખેલવ્યાં બાળને માવડી,

આજ તરછોડ મા જોગમાયા...૧

ચારણકુળમાં અનેક આઇઓએ અંશાવતારી તરીકે માનવદેહ ધર્યો છે અથવા એમ કહો કે એમણે પોતાની ઉત્તમ કરણી અને ઉજ્જ્વળ ચારિત્ર્ય દ્વારા માનવદેહને દેવત્વ અપાવ્યું છે. મૂળ તો પૂજા ગુણની થાય છે, એમના પરોપકારી અને માનવતાવાદી આદર્શોને કારણે સમાજે તેમના પ્રત્યે પૂજયભાવ દાખવીને તેમની પૂજા-અર્ચના-વંદના કરી છે. આ સન્દર્ભે અહીં આઇશ્રી આવડ, આઇશ્રી ખોડિયાર,

આઇશ્રી વરુડી, આઇશ્રી કરણીજી, આઇશ્રી રાજલ, આઇશ્રી ચાંપબાઇ, આઇશ્રી નાગબાઇ, આઇશ્રી બૂટ, બલ્લાળ અને બેચરાજી, આઇશ્રી જેતબાઇ, આઇશ્રી જીવણી અને આઇશ્રી કામબાઇ ઇત્યાદિ વિશે વાત કરી શકાય, પરંતુ વિષયવ્યાપને કારણે બે-ત્રણ ઉદાહરણો જ ટૂંકમાં આપીશ.

ચારણ આઇઓ વિશે વાત કરતાં જયમલ્લ પરમારે કહ્યું છે કે, 'ધર્મરક્ષા કાજે સૌથી વધુ ઝૂઝયાં છે ચારણ આઇઓ. મહાન ગણાતાં રાજયો સામે, બળવાન ગણાતા સત્તાધીશો સામે અને અન્યાયના પ્રત્યેક પ્રસંગે પણ આ ચારણસંતોનો ઇતિહાસ ઘણો મહાન છે. એમની ભક્તિ સદાય અપાર્થિવ રહેતી આવેલી. એમાંથી ચમત્કારોનાં પડળો દૂર કરીને કોઇકે ચારણઆઇઓની આત્મસાધનાનો મહાન ઇતિહાસ આપવો ઘટે.'

મધ્યકાળે અનેક વિદેશીઓ અને વિધર્મીઓએ વાયવ્ય સરહદેથી આક્રમણો કર્યાં છે, તેની સામે એક હજાર વર્ષ સુધી અભેદ્ય દીવાલ ખડી કરીને ભારતીય સંસ્કૃતિ અને ક્ષાત્રત્વના જતનાર્થે રાષ્ટ્રની સાંસ્કૃતિક એકતા ટકાવવા ચારણ આઇઓએ ભરપૂર પ્રયાસો કર્યા છે. આઠમી-નવમી સદીમાં સિંધમાં સુમરાઓનો અત્યાચાર વધી ગયો ત્યારે આઇ આવડે સમાજને સંગઠિત કરીને સુમરાઓને પરાસ્ત કર્યાં. આ વાતનો સ્પષ્ટ ઉલ્લેખ એક દુહામાં મળે છે.

'નરપતિની કફરી નજરથી, કોપી તું મહાકાળી;

સુમરા હાથથી સિંધના રાજને, ખોવરાવ્યા ખપરાળી.'

આઇ આવડ માતાજીમાં બાલ્યાવસ્થાથી જ દ્રઢ શ્રદ્ધા અને ભક્તિનો સુભગ સમન્વય જોવા મળતો. તેમાં પણ ઊગતા સૂરજને થંભાવી દીધાની મોટિફજન્ય લોકમાન્યતા એટલી દઢ થઇ ગઇ છે કે, આજે પણ ચારણો આઇનું સ્મરણ કરતાં કહે છે કેઃ

'આવડની જે આણ, લાજાળું લોપે નઇ;

ભરે ન ડગલું ભાણ, કરમી કશ્યપરાઉત.

આઇશ્રી આવડનાં અનેક મંદિરો પશ્ચિમ રાજસ્થાનમાં છે ત્યાં તે તેમડારાય, ડુંગરેચી, ચાલકનેચી અને તનોટરાય તરીકે પૂજાય છે. ભગવતી પ્રત્યેની અતૂટ અખંડ શ્રદ્ધાનું પ્રત્યક્ષ પ્રમાણ તો જેસલમેરથી ૧૨૩ કિ.મી. દૂર આવેલું તનોટરાયનું મંદિર છે. ભારત-પાકિસ્તાનની લડાઇ વખતે રણ વિસ્તારમાં ઘેરાઇ ગયેલા ભારતીય સૈનિકોએ છેવટે ભગવતીના મંદિરમાં શરણ લીધું. પાકિસ્તાનીઓએ તોપગોળાની વર્ષા કરી પણ મંદિરની કાંકરી પણ ન ખરી, બધા બોમ્બ નિષ્ફળ ગયા અને સૈનિકો બચી ગયા, એ પછીથી આ મંદિરની સેવા-પૂજા અને અન્નક્ષેત્રની જવાબદારી સૈનિકો સંભાળે છે. એટલું જ નહીં આ ઘટનાની ગવાહીરૂપે ફૂટયા વગરના તોપગોળા આજે પણ ત્યાં પ્રદર્શનમાં રાખેલા જોવા મળે છે.

આઇશ્રી આવડનાં નાનાં બહેન આઇશ્રી ખોડિયારે અત્યાચારી રાજવીને પરાસ્ત કરીને એ ધરા પર ગોહિલોને શાસન સોંપ્યું હોવાથી તેઓ આઇ ખોડિયારની પૂજ કરે છે. રા, નવઘણ પર ભગવતીની કૃપા થવાથી તેમના વંશજો પણ આઇને પૂજે છે. તો સિંધમાં જાહલના રક્ષણાર્થે જતા રા'નવઘણને મદદ કરનારા આઇશ્રી વરુડી અને આઇશ્રી પીઠડને ચારણો અને ચારણેતર લોકો ભાવથી સ્મરે છે.

આઇશ્રી વરુડી અને તેમના પુત્ર બારુજી દેથાએ મહારાણા હમીરને પાંચસો ઘોડા, આવશ્યક ધન અને લડાયક યુવાનોની મદદ કરેલી. એ પછી જ્યારે ચિત્તોડ પાછું મળ્યું ત્યારે મહારાણાએ આઇશ્રીનું મંદિર બંધાવ્યું અને બારુજી દેથાને રાજકવિ પદ સોંપ્યું. આ અંગેનાં અનેક પ્રમાણો ઇતિહાસમાં મળે છે. બારુજીના વંશજ નરુજી દેથાએ ઓરંગઝેબના સૈન્ય સામે લડીને બડી પોળ પર પ્રાણ આપેલા.

અરઠીલા-લાઠીના રાજકુંવર હમીરસિંહ ભીમસિંહજી ગોહિલ સોમનાથની સખાતે ગયા ત્યારે ગીરમાં રહેતાં આઇ લાખબાઇએ વેગડા ભીલની પાલક પુત્રી હીમા જેઠવા સાથે તેના લગ્ન કરાવેલા, ભીલોએ હાથઘરણામાં પોતાનાં માથાઓ લખાવ્યાં. આઇ લાખબાઇ સોમનાથ સાથે ગયાં અને હમીરસિંહજીની વીરતા અને ક્ષાત્રત્વને પ્રત્યક્ષ નિહાળી તેને મરશિયા રૂપે કાવ્યાંકિત કરેલી છે:

વહેલો આવે વીર, સખાતે સોમૈયાની;

હિલોળવા હમીર, ભાલાઅણીએ ભીમાઉત....૧

કરમાં સર કરમાળ કરે, ઇ જુએ જગદીશ;

એમ સોમૈયાને શીશ, આલ્યું અરઠીલા ધણી....૨

રાજસ્થાન અને ગુજરાતે મુસ્લિમ આક્રમણોનો પેઢી દર પેઢી પ્રતિકાર કર્યો, એથી તો ભારતના અન્ય પ્રાંતોને સંઘર્ષ ઓછો કરવો પડ્યો છે. જોધપુર અને બીકાનેર રાજ્યની સ્થાપના જ આઈશ્રી કરણીજીએ કરાવી છે. તેમણે રાજપૂતોને આપસી વિગ્રહ ત્યજીને સંગઠિત થવા પ્રેરેલા. આજે પણ દેશણોકમાં આઇશ્રી કરણીજીનું ભવ્ય મંદિર છે. પશ્ચિમ રાજસ્થાનમાં આઇની દીર્ઘદષ્ટિને કારણે ભારતીય સંસ્કૃતિનું રક્ષણ થયેલું, એવી શ્રદ્ધાને કારણે અઢારે આલમ આઇની પૂજા કરે છે. એક છંદમાં કવિએ કહ્યું છે કે,

‘જોધપુર ઉદેપુર બીકાણો જાહરાં,

થાહરે વશીએ ભૂપ વ્રાજે,

કેતરા કરાં વખાણ કિન્યાણી,

આઇ કીરત વધત ઘણી આજે.’

પૃથ્વીરાજ રાઠોડના પત્નીની લાજ બચાવનારા આઇ રાજલે અકબરને નવરોજ છોડાવેલો, નરુજી ચારણે તો ‘જગદંબા રા પવાડા’માં આ પ્રસંગને કાવ્યમાં વણી લીધો છે ઃ

‘નવરોજ કો છોડ કસમ, મજહબ કી ખાઈ હૈ;

રાજલ ઘર મૃગપતિ કો રૂપ, ભૂપ કી લાજ બચાઈ હૈ.’

વસ્તુતઃ તો અહીં ચમત્કાર નહીં નિર્ભીકતાની જ વાત છે, એ વાતનું જ પ્રતિબિંબ કામાંધ બાકર શેખને સંહારતી આઈ જીવણી-સિંહમોય (સરધાર)માં જોવા મળે છે. આ આઇ પરંપરાનું જ ઉજ્જ્વળ અનુસંધાન આઇશ્રી સોનલ માતાજી (મઢડા)માં પ્રગટતું જોવા મળે છે, જે ભૂતકાળની ભવ્ય પરંપરાનું સાંપ્રતમાં પ્રત્યક્ષ પ્રમાણ છે.

ચારણો ભગવતી શારદાના અનન્ય ઉપાસક રહ્યા છે, વળી તેઓએ પ્રાણાંતે પણ સત્ય, સંસ્કૃતિ અને ભારતીય જીવનમૂલ્યોનું જતન કર્યું છે, કહો કે, ચારણ સંસ્કૃતિની યથાર્થ ઓળખ જ છે તેમની સત્ય પ્રીતિ. ભલભલા રાજા-મહારાજાઓ, સત્તાધીશો અને નિકટના સ્વજનોને તેણે સાચી વાત કહી છે. એ વખતે

રાજકવિ પદ, રાજ્યો દ્વારા મળેલાં ગામ-ગરાસ કે સંપત્તિ ઝૂંટવી લેવાનો ભય કે પ્રાણદંડની તેણે પરવા કરી નથી. અરે! સત્ય માટે સર્વસ્વ ખોવાની ખુમારી, મૃત્યુની મહોબ્બત અને વચન પ્રીતિ એને વહાલા લાગ્યા છે, એટલું જ નહીં આ સત્ય માર્ગે સદાય તેને સ્વજનોનો સાથ મળ્યો છે, ત્રાગાળુ વરણ તરીકે સુખ્યાત આ સમાજે યુદ્ધભૂમિમાં અવસર આવ્યે અવશ્ય ખાંડાના ખેલ ખેલ્યા છે, એ વખતે તેને જીવવાનો મોહ થયો નથી.

ક્રમશ: (હવે પછીના અંકોમાં નિયમિત રીતે આપવામાં આવશે.)

- **ડૉ અંબાદાન રોહડિયા, રાજકોટ** ,

  9426530005

# મારી ભાવયાત્રા ...

**(1)**

નમસ્કાર .... વંદન !

દેવસમાન વ્યક્તિ વિશે ધારણા એ છે કે તે હંમેશા નિષ્પક્ષ અને સમગ્ર દ્રષ્ટિ ધરાવતો હોય છે. તે દરેક સજીવ અને નિર્જીવ સંજ્ઞાની મૂલ્યવાનતા અને મહત્ત્વને સમજે છે. તે કોઈ પણ જાતિ, ધર્મ, જાતિ કે પંથને દૃષ્ટિમાં લીધા વિના દરેક પ્રાણીને સમાન રીતે જોઈ શકે છે.

તેના વિચારો સદૈવ સર્વજ્જન માટે હિતકારક હોય છે. તે ક્યારેય સ્વાર્થપૂર્ણ વિચાર રાખતો નથી, અને તેની દરેક ક્રિયા માનવતાની ભલાઇ માટે હોય છે. દેવસમાન વ્યક્તિ ક્યારેય ધન, પદ કે સત્તાના લાલચમાં ફસાતો નથી. તે સર્વ ભૌતિક આનંદોને પરિહરે છે અને અધ્યાત્મના પથ પર આગળ વધે છે.

તેની દ્રષ્ટિ હંમેશા સંસારમાં સર્વવ્યાપક તત્વોને અનુભવવાની રહે છે, અને તે ઇશ્વરના સર્વવ્યાપક તત્વને જીવનના દરેક સ્તરે અનુભવે છે. દેવસમાન વ્યક્તિ ક્યારેય કટુ શબ્દો ઉચ્ચરતો નથી અને ક્યારેય કોઈને કષ્ટ પહોચાડતો નથી.

તેનો વિવેક અને સમજણ મહાન હોય છે, અને તે દરેક પરિસ્થિતિમાં સ્થિર રહે છે. તેના માટે સર્વ કર્મ યજ્ઞસમાન છે, અને તે હંમેશા નિસ્વાર્થ ભાવે કામ કરતો રહે છે.

તે ક્યારેય કોઈ પર ટીકા કરે નહીં અને દરેકની મદદ કરવી તેની ફરજ સમજે છે. તે બધામાં દિવ્યતાનું દર્શન કરે છે અને તેને માનવજાતિમાં સમાનતા અને એકતા દેખાય છે.

તેને બીજામાં નથી જોવું, પણ સ્વમાં ઇશ્વરની દ્રષ્ટિ રાખવી ગમે છે. તેની કૃપા હંમેશા પ્રકૃતિ અને સર્વ જીવો પર વરસતી રહે છે.

તેની પ્રસન્નતા અને સંતોષ હંમેશા અંતરાત્માથી હોય છે, અને તે ક્યારેય બહિર્મુખી આનંદોની ચાહત રાખતો નથી. તેનો વિવેક અને સમતા જ તેની માર્ગદર્શિકા હોય છે.

અંતે, દેવસમાન વ્યક્તિ સમસ્ત વિશ્વને એક કુટુંબ તરીકે માને છે, અને તેની સ્નેહભીની દ્રષ્ટિથી સમગ્ર સંસારને એક સુમેળભર્યું સ્થળ બનાવી દે છે.

દેવસમાન વ્યક્તિનું ઉદાહરણ આપીએ તો શ્રી રામનો ઉલ્લેખ કરી શકાય. શ્રી રામના જીવનમાં એવી ઘણી ઘટનાઓ છે, જે બતાવે છે કે દેવસમાન વ્યક્તિ કેવી રીતે વિચાર કરે છે અને સમાજ સાથે કેવી રીતે વ્યવહાર કરે છે.

શ્રી રામને અયોધ્યાનો રાજ્યવિશ્વાસ મળવાનો હતો, પરંતુ તેમણે વચન માટે 14 વર્ષનું વનવાસ સ્વીકારી કરી લીધો, આમાં તેમણે પોતાનો કોઈ સ્વાર્થ જોયા વિના માત્ર પિતાના વચનને પાળવા માટે અને ધર્મની રક્ષા કરવા માટે આ નિર્ણય કર્યો હતો. દેવસમાન વ્યક્તિ ક્યારેય પોતાનો લાભ જોઈ શકતો નથી, પણ સર્વપ્રથમ ધર્મ અને કર્તવ્યને મહત્તા આપતો હોય છે.

વનવાસ દરમિયાન શ્રી રામ અનેક રાક્ષસોને મારે છે, જે સમાજ માટે હાનિકારક હતા. તેમણે ક્યારેય તત્વજ્ઞાન કે સત્કર્મને છોડ્યા નથી. તેમણે સદા નિષ્કપટ અને ન્યાયી વર્તન દાખવ્યું, ભલે તે સુગ્રીવ સાથે મૈત્રી કરી હોય કે વિભીષણને લંકાનો રાજમુકુટ આપવાની બાબત હોય.

લંકા વિજય પછી, માતા સીતાને પરત મેળવ્યા પછી પણ શ્રી રામે લંકા પર પોતાના શાસનનો લોભ રાખ્યો નહીં. તેમણે લંકાને વિભીષણને સોંપી દીધી અને પોતે અયોધ્યાને પાછા ફર્યા. દેવસમાન વ્યક્તિ ક્યારેય અન્ય પર શાસન કરવાનું વિચારતો નથી, પણ બધા માટે સમાન હિતની અને સુખ-શાંતિની કલ્પના કરે છે.

જ્યારે શબરીની વાત આવે છે, ત્યારે શ્રી રામ તેની અનન્ય ભક્તિથી પ્રભાવિત થાય છે અને તેના આશ્રમમાં જ ગોઠવાય છે. તેણે પ્રેમ અને ભક્તિના તત્વને ઊંચું રાખ્યું છે, શબરીના બોર ખાવાનો પ્રસંગ એ દર્શાવે છે કે દેવસમાન વ્યક્તિના જીવનમાં કોઈપણ પ્રકરણ ભેદભાવને સ્થાન નથી. તે દરેક પ્રાણી અને વ્યક્તિમાં દેવતત્વને જ જુએ છે.

શ્રી રામની દ્રષ્ટિ હંમેશા વ્યાપક અને સમાન હતી. દરેક સંજ્ઞાની સાથે સમાન રીતે વ્યવહાર કરવો, અને દરેક પરિસ્થિતિમાં ધર્મનું પાલન કરવું એ દેવસમાન વ્યક્તિના લક્ષણો છે.

ભારતીય આધ્યાત્મ્ય અને તત્વજ્ઞાનમાં આ પ્રકરણ અનેક વિશેષ વ્યક્તિત્વ જોવા મળે છે. આ મહાન ચરિત્ર નાયકોનો વિકાસક્રમ યથા સમયે ધર્મ, સંપ્રદાય, સંસ્કૃતિ, સામાજિક ઉત્થાન કે સમસ્ત માનવજાતિના કલ્યાણ માટે પ્રતિબોધ થતો રહ્યો છે.

ધર્મ એટલે જે કંઈ ધારણ કરવામાં આવે છે, વહન કરવામાં આવે છે - ઈશની પ્રાપ્તિ માટે ... સર્વજન સુખાય .. એજ મહાજનોનો માર્ગ રહ્યો છે, જેના પર સમજણપૂર્વક આગળ વધી શકાય છે.

શ્રીમદ્ ભાગવદ ગીતામાં "ધર્મ" એક વ્યાપક વિચારધારા છે, જે માનવ જીવનના કર્તવ્યો અને આધ્યાત્મિક માર્ગદર્શિકાઓને સમાવે છે. ધર્મનો સાર ગીતા અનેક શ્લોકોમાં વર્ણવે છે. અહીં એક ખૂબ જ પ્રખ્યાત શ્લોક છે, જે ધર્મના મહત્ત્વ અને તેના પાલનની વાત થઈ છે.

**स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः।

धर्मात्स्वनुष्ठितं श्रेयः कर्मणा तमबन्धनं।।**

*અર્થ:*

સ્વ-ધર્મનું પાલન કરતાં કર્તવ્યમાં મૃત્યુ પામવું પણ શ્રેષ્ઠ છે, કારણ કે બીજાના ધર્મનું પાલન ભયજનક છે.

*સંદર્ભ:*

ભાગવદ ગીતા, અધ્યાય 3 (કર્મ યોગ), શ્લોક 35

આ શ્લોકમાં, ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે પોતાનાં કર્તવ્ય અને ધર્મનું નિભાવવું શ્રેષ્ઠ છે, ભલે તે પથ પર મુશ્કેલીઓ અને જોખમો હોય. અન્યના ધર્મને અનુસરવાથી (પરસ્પર વિરુદ્ધ કર્તવ્યનો માર્ગ) હંમેશા ભય અને અશાંતિનું જોખમ રહે છે.

ગીતામાં, ધર્મ માત્ર ધાર્મિક વિધિઓ સુધી મર્યાદિત નથી, પરંતુ જીવનના દરેક ક્ષેત્રે સાચું અને યોગ્ય કર્તવ્ય નિભાવવાનું માર્ગદર્શન આપે છે. આ અંતર્ગત, શ્રીકૃષ્ણ જેનું બોધ કરાવે છે તે મુખ્યત્વે પોતાના કર્તવ્યને નિષ્ઠાપૂર્વક અને નિરહંકારી રીતે નિભાવવાની પ્રેરણા છે.અસ્તુ !

**(2)**

નમસ્કાર ... વંદન !

" શાંતિમાં જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને એ શાંતિ આપણા જીવનમાં કેવી રીતે સ્થાપિત કરીએ તે સમજવું મહત્ત્વપૂર્ણ છે. આ વિષયને સમજવા માટે અને શાંતિનું મહત્ત્વ વ્યક્ત કરવા માટે, એક છોટી વાર્તા તમને મદદ રૂપ થઇ શકે છે.

પ્રાચીન યુગમાં, એક વૈદિક ગુરુ હતા જેમણે અનેક શિષ્યોને જીવનના માર્ગ દર્શાવ્યા. તેમની પાસે અનેક શિષ્યો હતા, પરંતુ એક શિષ્ય ખૂબ જ વિચિત્ર હતો. તે હંમેશા બધા પ્રશ્નોના ઉત્તરમાં ઊંડાણથી વિચારે અને ચર્ચા કરે. ગુરુજી એમ સમજ્યા કે આ શિષ્યના મનમાં હંમેશા વિચાર ચાલે છે, જે તેને શાંતિથી વંચિત કરે છે.

એક દિવસ ગુરુએ દરેક શિષ્યને એક-એક પ્રશ્ન પૂછ્યો: "મોક્ષનો માર્ગ કયો છે?" દરેક શિષ્યએ પોતપોતાની સમજ પ્રમાણે ઉત્તર આપ્યો, પરંતુ તે વિચિત્ર શિષ્યને ગભરાટ લાગ્યો. તે કહેવા લાગ્યો, "ગુરુજી, હું પણ જવાબ શોધવા માંગું છું, પરંતુ મારા મનમાં સતત વિચારનો વમળો ચાલતાં રહે છે."

ગુરુએ હસતાં કહ્યું, "બેટા, મોક્ષ કોઈક ચિંતનથી નહીં, પણ શાંતિમાં મળે છે. શાંતિ એટલે માનસિક આરામ, વિચારોથી મુક્તિ." તેમણે તેને એક મોટો પત્થર આપ્યો અને કહ્યું, "જાઓ, અને આ પત્થર એક શાંત જળાશયમાં નાખો. અને જુઓ, પાણી કઈ રીતે શાંત રહે છે."

શિષ્યએ આમ કર્યું અને જળમાં પત્થર ફેંકતા જ તરંગો ઊઠ્યા. તે તરંગો લાંબા સમય સુધી રહ્યા, અને પછી જળ શાંત થયું. ગુરુએ સમજાવ્યું, "જે રીતે પાણી શાંત થાય છે, તે રીતે તારા મનમાં પણ શાંતિ સ્થાપિત થવી જોઈએ. એ માટે તારે વિચારના તરંગોને રોકવા પડશે, અને તે તારી અંદરની શાંતિને જગાડશે."

અંતે શિષ્યને સમજાયું કે શાંતિમાં જ જ્ઞાનની ચાવી છે. ગુરુએ એ પણ સમજાવ્યું કે જ્યારે આપણે મૌન ધારણ કરીએ છીએ, ત્યારે આપણું મન વધુ સ્પષ્ટ અને ઊંડું વિચાર કરવા માટે મુક્ત હોય છે. આ મૌન માત્ર બોલવાનું બંધ કરવું નહીં, પણ આંતરિક ચિંતા અને વિમર્શને એક બાજુ મૂકી દેવાનો પ્રયાસ છે.

ભારતીય તત્વજ્ઞાનમાં મૌનને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. ઉપનિષદો અને ભગવદ ગીતા જેવા ગ્રંથોમાં મૌનને સર્વોત્તમ સાધન માનવામાં આવે છે. મૌન એ માત્ર અવાજ ન હોવો નહીં, પણ મનની આંતરિક શાંતિ અને સ્તિરતા છે. આ મૌનથી આપણું મન વિશાળ સંભાવનાઓ માટે તૈયાર થાય છે, અને આ મૌન દ્વારા જ આપણી આત્મા અને બ્રહ્મના મિલનનો માર્ગ સ્સ્પષ્ટ થઈ શકે છે.

મૌનથી વિચાર વધુ સંસ્કૃત અને ઊંડા થાય છે, જેનાથી સમાજ જીવનની સમસ્યાઓને સમજવા અને તેને પાર કરવું સરળ બને છે. મૌન આપણને વ્યક્તિકતાથી પર થઈ અંતર્મુખી બનાવે છે, અને અંતે આ મૌન જ આપણા જીવનમાં દૈવીય જ્ઞાન અને શાંતિ આપી શકે છે.

પોતાની જાતને માસ્ટર અથવા ઉચ્ચ શક્તિને સમર્પિત કરવાના ખ્યાલમાં ઘણીવાર વ્યક્તિગત અહંકારનો ત્યાગ અને ચેતના અને હેતુની ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવાની ઇચ્છાઓનો સમાવેશ થાય છે. જ્યારે વ્યક્તિ સંપૂર્ણ રીતે આત્મસમર્પણ કરે છે, ત્યારે બ્રહ્માંડથી અલગ હોવાની વ્યક્તિગત ઓળખનો વિચાર પણ ઓગળી જાય છે, જે નિર્ભયતા અને નિઃસ્વાર્થતાની સ્થિતિ તરફ દોરી જાય છે. આ પરિવર્તન બ્રહ્માંડની સુખાકારી માટે નિર્ણાયક છે, કારણ કે તે વ્યક્તિને એક મહાન, દૈવી હેતુ સાથે પ્રતિબદ્ધ થતો હોય છે, તે સાર્વત્રિક ઉર્જા અને ભલાઈ માટે એક ચેનલ બનાવે છે.

એક માસ્ટર અથવા ગુરુને ઘણીવાર માર્ગદર્શક - પ્રકાશ તરીકે જોવામાં આવે છે જે વ્યક્તિને તેના અહંકાર, ભય અને દુન્યવી જોડાણોને પાર કરવામાં મદદ કરે છે. માસ્ટરના ઉપદેશો ફક્ત આજ્ઞાપાલન વિશે જ નથી પરંતુ સમગ્ર જીવનની એકબીજા સાથે જોડાયેલી સંયોજનાઓ સમજવા માટે છે. માસ્ટરને શરણે થવાથી, વ્યક્તિ પોતાની ઓળખ ગુમાવતો નથી પરંતુ સમગ્ર બ્રહ્માંડને સમાવવા માટે પોતાને વિસ્તૃત કરે છે. આ વિસ્તરણ એ અનુભૂતિ તરફ દોરી જાય છે કે ‘સ્વ’ માત્ર એક અલગ અસ્તિત્વ નથી પરંતુ સમગ્ર વિશ્વનો એક ભાગ છે.

નિર્ભયતા અને નિઃસ્વાર્થતા:

શરણાગતિમાં, નિર્ભયતા ઊભી થાય છે કારણ કે વ્યક્તિ હવે શરીર અથવા અહંકારથી તેને ઓળખી શકતો નથી, જે પીડા, નુકશાન અને મૃત્યુ કે ક્ષય પામવા પાત્ર છે. જ્યારે વ્યક્તિ પોતાને શાશ્વત અને અનંતના ભાગ તરીકે જુએ છે, ત્યારે દુન્યવી ચિંતાઓનો ભય ઓછો થઈ જાય છે. નિઃસ્વાર્થતા કુદરતી રીતે અનુસરે છે, કારણ કે અહીં ધ્યાન વ્યક્તિગત લાભમાંથી બધાની સુખાકારી તરફ બદલાય છે. આ સ્થિતિમાં, ક્રિયાઓ વ્યક્તિગત ઇચ્છાઓ અથવા ડરને બદલે બ્રહ્માંડ માટે ફરજ અને પ્રેમની, પરિવારની, કુટુંબની ભાવના સંચાલિત થાય છે.

જ્યારે આનંદદાયક વ્યક્તિત્વ વિકસાવવાની અથવા સતત આનંદદાયક મૂડ જાળવવાની વાત આવે છે, ત્યારે તે સમજવું આવશ્યક છે કે તેની સાથે ઘણીવાર વર્તનના સુપરફિસિયલ પાસાઓ પણ રહેલાં હોય છે. આધ્યાત્મિક વિકાસ અને શરણાગતિના સંદર્ભમાં, આનંદદાયક વ્યક્તિત્વ એ ધ્યેય નથી. પરંતુ આપણો ધ્યેય અધિકૃત રીતે દયાળુ અને શાણો સ્વભાવ

વિકસાવવાનો બની રહે છે. અન્યને ખુશ કરવા મંજૂરી કે સ્વીકૃતિની ઈચ્છા ધરાવનાર વસ્તુનિષ્ઠ, સાધનધર્મી બનીને નહીં, પરંતુ પ્રેમ અને સેવાના સાચા સ્થાનેથી સ્રોત વહેવો જરૂરી બની રહે છે. આનંદદાયક વ્યક્તિત્વ સામાજિક ક્રિયા પ્રતિક્રિયાઓમાં મદદ કરી શકે છે અને રોજિંદા જીવનમાં સંવાદિતા લાવી શકે છે. જો કે, તે ઘણીવાર અસ્થાયી હોય છે અને સંજોગો અને મૂડના આધારે બદલાઈ શકે છે. તેનાથી વિપરીત, શરણાગતિ દ્વારા પ્રાપ્ત થતી નિર્ભયતા અને નિઃસ્વાર્થતાની સ્થિતિ કાયમી અને અટલ છે.

સતત બીજાને ખુશ કરવાનો પ્રયાસ કરવાથી અધિકૃતતામાં ઘટાડો થઈ શકે છે. જો કોઈની ક્રિયાઓ હંમેશા બીજાને ખુશ કરવાના હેતુથી હોય, તો તેઓ તેમના સાચા હેતુ અથવા આંતરિક કૉલિંગની અવગણના કરી શકે છે. સાચી શરણાગતિ પાત્રની ઊંડાઈ તરફ દોરી જાય છે જ્યાં ક્રિયાઓ સાર્વત્રિક સિધ્દ્ધાંતો સાથે અનુબંધિત હોય છે, માત્ર સામાજિક મંજૂરી સાથે નહીં.

જ્યારે આનંદદાયક વ્યક્તિત્વ સકારાત્મક સંબંધો બનાવવાનું સાધન બની શકે છે, તે આધ્યાત્મિક વિકાસના ઊંડા પાસાઓને ઢાંકી દેવું જોઇએ નહીં. તે સંતુલન માટે ચાવીરૂપ છે - વ્યક્તિ તેના આધ્યાત્મિક માર્ગ અને હેતુ માટે સાચા રહીને દયાળુ અને સુખદ બની શકે છે

જ્યારે કોઈ માસ્ટર અથવા બ્રહ્માંડને શરણાગતિ આપો, ત્યારે ધ્યાન અન્યને ખુશ કરવાને બદલે દૈવી યોજનામાં પોતાની ભૂમિકાને પરિપૂર્ણ કરવા તરફ જાય છે. આનો અર્થ એ નથી કે અન્યની લાગણીઓની અવગણના કરવી પરંતુ તેના બદલે બ્રહ્માંડની એકંદર સુખાકારીને પ્રોત્સાહન આપે તેવી રીતે કાર્ય કરવું. ક્રિયાઓ હંમેશા દરેકને ખુશ કરી શકે છે અથવા ન પણ કરી શકે છે, પરંતુ તેઓ ઉચ્ચ શાણપણ અને વધુ સારા દ્વારા માર્ગદર્શન આપી શકે છે.

આનંદદાયક વ્યક્તિત્વનો વિકાસ કરવો અને સતત આનંદદાયક મૂડ જાળવવો એ અમુક અંશે અર્થપૂર્ણ હોઈ શકે છે, પરંતુ તે આધ્યાત્મિક જીવનના અંતિમ લક્ષ્યો નથી. આત્મસમર્પણ વધુ ગહન પરિવર્તન તરફ દોરી જાય છે જ્યાં નિર્ભયતા, નિઃસ્વાર્થતા અને સાર્વત્રિક સિધ્દ્ધાંતો સાથે એ માર્ગદર્શક દળો બની જાય છે. આ સ્થિતિ સતત સામાજિક મંજૂરીની જરૂરિયાતને પાર કરે છે અને સાચી સેવા, શાણપણ અને આંતરિક શાંતિના જીવન તરફ દોરી જાય છે. અંતિમ હેતુ દરેકને ખુશ કરવાનો નથી, પરંતુ દૈવી ઇચ્છા સાથે સુમેળ સાધી કાર્ય કરવાનો છે,.

અસ્તુ !

**(3)**

નમસ્કાર ... વંદન !

શ્રાવણ માસ એટલે વર્ષાકાલનો મધ્યાંતર ... પરિપક્વ અવસ્થા ... સર્વત્ર હરિયાળી ... કડોલી બે દિવસ પહેલાં અસહ્ય ગરમીનો અનુભવ કરાવતી રહી હતી પણ હવે 'મધા' નક્ષત્રનો મેહુલિયો વરસ્યો ... લોકો 'મધા'નાં જળનો સંચય કરવાનું હજુ વીસરી શક્યા નથી. ખેતરો અને ચોમેર હરિયાળીએ કડોલીને મનોહારી બનાવી દીધું હતું. માનવ પુરુષાર્થ અને ધર્મભાવના - જગતના તાતને વધાવવા લોકજીવન હિલોળે ચઢેલું ભાસી રહ્યું

હતું કારણ આ તો શીતળા સાતમ - આઠમ (જન્માષ્ટમી) ‘કૃષ્ણ જન્મોત્સવ’ ક્ષણો - સંનિકટ છે. જોકે સૌરાષ્ટ્રમાં આ પર્વો વિશેષ રીતે વસાવતા રહ્યાં છે.

"ચિદાનંદ રૂપો શિવોહમ્" એ ભગવાન શંકરની ઉચ્ચાતિ કળા અને આધ્યાત્મિક મહત્તાના દર્શન કરે છે. ભારતીય ધર્મજ્ઞાને તથા આચાર્યે ભક્તિ અને તત્વજ્ઞાનનો એક અનોખો માર્ગ બતાવ્યો છે. શિવ એ અતિમુલ્ય તત્વ છે, જે જ્ઞાન, તપ, અને આધ્યાત્મિક આનંદનું પ્રતિબિંબ છે.

શિવ તત્વ જાણે કે ભારતીય સંસ્કૃતિના મૂળમાં ગૂંથાયેલ છે. તેઓ વિઘ્નોનાશક અને કલ્યાણકર્તા માનવામાં આવે છે. તાંત્રિકો અને યોગીઓની દૃષ્ટિએ, શિવ પૂર્ણ આધ્યાત્મિકતા અને જ્ઞાનના પરિચાયક છે. “શિવ” એટલે કલ્યાણ અને “ઓહમ્” એટલે હું. આથી, શિવતત્વનો અર્થ આત્માની પરમશાંતિ અને પરમસત્યમાં વિલિન થવામાં છે.

ભગવાન શિવનો શ્રાવણ માસમાં વિશેષ મહિમા છે, જેમાં ભક્તો તેમની ઉપાસના દ્વારા પોતાની અંદરની નકારાત્મકતા અને દુર્ગુણોને નાશ કરવા પ્રયાસ કરે છે. આ રીતે, શિવ આપણી અંદર રહેલી અવિનાશી શક્તિનું પ્રતિબિંબ છે. તેઓ જ્ઞાનનો સ્ત્રોત છે, જેનાથી આધ્યાત્મિક પથ પર ચાલનારા ભક્તને જીવનનો સચ્ચો અર્થ સમજાય છે.

શિવ પુરાણો મુજબ, ભગવાન શંકરે સર્વત્ર વિઘ્નોને દૂર કરવા, અને ભક્તોના કલ્યાણ માટે આ જગતમાં આવકાર્યા છે. તેઓ સમસ્ત જીવોને મુક્તિના માર્ગે લઈ જાય છે, અને પરમ આનંદનો અનુભવ કરાવે છે.

ભારતીય ધર્મજ્ઞાને શિવને માત્ર એક દેવ નથી માની, પણ શિવને પરમ તત્વના રૂપમાં ગણી છે. તેમની આરાધનાથી આત્માની પવિત્રતા, જ્ઞાન અને તપનો સિદ્ધિ મળે છે. આથી, શિવની આરાધના તે ઉપાય છે જેના દ્વારા ભક્ત પોતાના અંતઃકરણમાં શાંતિ અને આનંદનો અનુભવ કરી શકે છે.

"ચિદાનંદ રૂપો શિવોહમ્" આ મંત્ર માત્ર ભાષામાં નહીં, પણ આત્માની પરમ શક્તિનો વિચાર છે. ભગવાન શંકર આપણા અંતરાત્માને નિશ્ચિત કરવા, જીવનના સાચા અર્થનો અનુભવ કરવા અને પરમ સિદ્ધિ સુધી પહોંચાડવા માટે આપણને માર્ગદર્શન આપે છે.

શિવનું નામ જ તેવા અર્થોથી ભરેલું છે જે માત્ર પરમ તત્વનો પરિચય આપવાનું કામ કરે છે. "શિ" એનો અર્થ છે કલ્યાણ અને "વ" એનો અર્થ છે જે આ બધામાં વસે છે, એટલે કે શિવ તે પરમાત્મા છે, જે સર્વત્ર વિરજમાન છે અને સર્વનું કલ્યાણ કરે છે.

ભગવાન શિવની પૂજા ભક્તિનું એક અગત્યનું માધ્યમ છે, જે ભક્તને પોતાની અંદર રહેલા પરમ તત્વને ઓળખવાનો માર્ગ દર્શાવે છે. શિવજીની કૃપાથી મનુષ્ય પોતાનું જીવન સુધારી શકે છે અને જ્ઞાન, તપ અને ભક્તિનો અમૂલ્ય અનુભવ મેળવી શકે છે.

ભક્તિ પરંપરામાં, શિવ લિંગ આરાધનાનું વિશેષ મહત્વ છે. શિવલિંગ એ બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે, અને તેનો અર્થ એ છે કે શિવ એ પરમ તત્વ છે, જેની અંદર આ સમગ્ર જગત વિલય પામે છે. શિવની પૂજાથી

મનુષ્યને પોતાની અંદર રહેલી અવિનાશી શક્તિનો અનુભવ થાય છે.

શિવ રાત્રિ એ એક એવો સમય છે, જ્યારે ભક્તો તેમના પોતાના જીવનને શાંતિ અને સમાધાન તરફ લઈ જાય છે. ભગવાન શંકરની ઉપાસનાથી ભક્તોને જ્ઞાનની નવી દ્રષ્ટિ મળે છે, જે તેમને જીવનના આધ્યાત્મિક પથ પર આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે.

શિવનો ત્રિશૂળ એ ત્રિગુણનો પ્રતિનિધિ છે – સત્વ, રજ અને તમ. આ ત્રિગુણોથી ભગવાન શંકર સમગ્ર જગતનું સંચાલન કરે છે. નંદી, જે શિવનો વાહન છે, તે શિવના સર્વગત અને સર્વજ્ઞ શક્તિનો પરિચય કરાવે છે.

આવુ માનવામાં આવે છે કે ભગવાન શિવ જેવું કોઈ અનુકંપાળુ અને દયાળુ દેવ નથી. તેમનું કૃપા કૃષ્ણભાવિક છે, અને તે ભક્તના જીવનમાં શાંતિ અને આનંદનું વરદાન આપે છે.

આ રીતે, "ચિદાનંદ રૂપો શિવોહમ્" એ મંત્ર, ભગવાન શંકરની મહત્તાને દર્શાવે છે અને તેઓની કૃપાથી ભક્તને પરમ સત્ય અને આનંદનો અનુભવ થાય છે. ભગવાન શિવના નામમાં આટલું મહાત્મ્ય છે કે તે દરેકના જીવનમાં કલ્યાણ અને સુખનો સંદેશ લાવે છે.

શ્રાવણ માસ અને ભગવાન શંકરની ઉપાસનાને લઈને વિશેષ મહત્તા છે. આ માસને શ્રાવણ મહિના તરીકે ઓળખવામાં આવે છે અને તે હિંદુ પાંચાંગના અનુસાર ચૌમાસાની ઋતુમાં આવે છે. શ્રાવણ માસને ભગવાન શંકરને અર્પિત કરવામાં આવેલ મહિનો ગણવામાં આવે છે, જેમાં તેમની ઉપાસના વિશેષતઃ મંગળકારી અને પાપ નાશક માનવામાં આવે છે.

ભગવાન શિવનો શ્રાવણ માસમાં વિશેષ મહિમા છે, અને તેને શિવ ભક્તો માટે પાવન સમય માનવામાં આવે છે. આ સમયમાં, ભગવાન શંકરની પૂજા, વ્રત અને વિધિઓનું વિશેષ મહત્વ છે. શ્રાવણ માસના દરેક સોમવારે "સોમવાર વ્રત" રાખીને ભગવાન શિવને પ્રસન્ન કરવાનું માન્ય છે. આ દિવસોને "શ્રાવણ સોમવાર" તરીકે ઓળખવામાં આવે છે, અને તે શિવની કૃપા પ્રાપ્ત કરવા માટે શ્રેષ્ઠ દિવસો માનવામાં આવે છે.

શ્રાવણ માસમાં શિવલિંગ પર વિભિન્ન સામગ્રીઓ, જેમ કે દુગ્ધ, મધ, દહી, ગંગાજળ અને બિલ્વપત્ર ચઢાવવામાં આવે છે. શિવજીને અર્પણ કરાયેલ બિલ્વપત્ર શ્રાવણ માસમાં વિશેષ મંગળકારી માનવામાં આવે છે. ભગવાન શિવને આ સામગ્રીથી સ્નાન કરાવવા (અભિષેક)થી જીવનના તમામ દુઃખો અને પાપોનો નાશ થાય છે અને ભક્તને અંતરાત્માનો શાંતિ પ્રાપ્ત થાય છે.

આ માસમાં ભગવાન શંકરની આરાધના અને જપ-તપનું વિશેષ મહત્વ છે. ભગવાન શિવનું 'ઓમ નમઃ શિવાય' મંત્રનો જપ કરવાથી મનોકામનાઓ પૂરી થાય છે અને શાંતિનો અનુભવ થાય છે. ખાસ કરીને, શ્રાવણ મહિનામાં 'મહામૃત્યુન્જય મંત્ર' નો જપ કરવો એ ખૂબ જ ફળદાયી માનવામાં આવે છે, જેનાથી ભક્તને સુખ, સમૃદ્ધિ અને આરોગ્યની પ્રાપ્તિ થાય છે.

શ્રાવણ મહિનામાં, હિન્દુ ધર્મમાં કાવડયાત્રાનું વિશેષ મહત્વ છે. આ યાત્રામાં ભક્તો ગંગાજળ લાવીને ભગવાન શંકરને અર્પણ કરે છે. કાવડયાત્રાના માધ્યમથી ભગવાન શિવને સમર્પણ અને આરાધનાનો વિશેષ વિચાર છે. ભક્તો લંબાયેલી યાત્રાઓ કરી, કડક વ્રત, ઉપવાસ અને પૂજા કરીને ભગવાન શંકરની કૃપા પ્રાપ્ત કરે છે.

શ્રાવણ માસમાં ભગવાન શંકરની પૂજા કરી ભક્તો પોતાની જીંદગીમાં શાંતિ, સમૃદ્ધિ અને આનંદની કામના કરે છે. ભગવાન શિવ શ્રાવણ મહિનામાં તેમના ભક્તોને આશીર્વાદ આપીને, જીવનમાં સર્વસંમતિ અને સુખની સ્થાપના કરે છે.

"ॐ सर्वे भवन्तु सुखिनः ।

सर्वे सन्तु निरामयाः ।

सर्वे भद्राणि पश्यन्तु ।

मा कश्चित् दुःख भाग्भवेत् ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः ॥"

અસ્તુ !

**- દીપક પંડ્યા**

# એક છોકરી

એક રૂપાળી છોકરી મને ફૂલ ધરી ગઇ,

ભૂલભૂલમાં કે વ્હાલમાં;

એની ખબર ક્યાં છે ?

લાભેશુભેથી ભીંતે લખેલાં રેલાણા રે,

ઘર બધાએ નદીઓના રે વેશે !

શ્વાસોમાં ઊછળતો દરિયો હાંફતો,

ખેંચી જાય છે મને પરીઓના કોઈ દેશે !

હૈયા સરસું ફૂલને સૂતાં જાગતાં રાખ્યું,

મદમાતી હર ચાલમાં;

એની ખબર ક્યાં છે ?

ઝાંઝરિયુંથી રણકે સૂની શેરીયું'ને,

પનિહારીઓના હર પગલે પગલે તળાવ જાગે !

ઝાકળ જેવાં સમણાઓ બેચાર,

સરકતા જળમાં ત્યારે કમળથી કાં વમળ ભાગે ?

મારામાંથી મુજને લઈ જાય છે ક્યાં આજકાલમાં ;

એની ખબર ક્યાં છે ?...

**--- પ્રીતમ લખલાણી**

# 'બધાયે માનવી સરખાનો'.....

'બધાયે માનવી સરખાનો' ભ્રમ સાચો નથી પડતો,

અમુકની રાહ જોવામાં મને વાંધો નથી પડતો.

તમે ફુરસત લઈ આવો તો બીજે ક્યાંક પાડીએ,

અહીં પૃથ્વી ઉપર ફોટો બહુ સારો નથી પડતો.

હતું બસ આટલું આકાશની ઊંચાઈનું તારણ,
પડે છે જેટલો વરસાદ એ તાજો નથી પડતો.

સિતારા જેટલાં દેખાય છે, તડજોડવાળા છે,
ટકે છે એ જ કે જે સૂર્યની સામો નથી પડતો.

હતાશા ઊંચકી ભારે પગે છત પર ચડ્યો હમણાં,
છે એની છાપ કે જ્યાં જાય ત્યાં પાછો નથી પડતો.

હજીયે કૈંક આંખોમાં બચી છે આટલી ધરપત,
પડે છે રાત, એવો તો હજી દા'ડો નથી પડતો.

જગત પર કેટલો મોટો છે આ ઉપકાર કુદરતનો,
પડે જો બદનજર કોઈની તો ડાઘો નથી પડતો.

**--- ભાવેશ ભટ્ટ**

# મળે ન મળે....

મને ઈતિહાસ વિનાનું નગર મળે ન મળે,
મળે છો નગર, ઘર ભાડા ઉપર મળે ન મળે.

કદી આરામ ના કરતી ને રોજ ઊભરાતી,
અજાણ્યાં ગામમાં આવી ગટર મળે ન મળે.

ભલે મળતાં હશે સુખચેન મલક આખામાં,
મફતમાં ભૂખ મારા નગર વગર મળે ન મળે.

તમારા દેશમાં લોકો સજીધજી ફરતાં,
અમારા લોક સાવ લઘરવઘર મળે ન મળે.

અમારું ગામ વેપારી, બધે વેપાર છે,
નફાની આટલી બીજે અસર મળે ન મળે.

મને મારગ મળે ક્યાં આટલાં ઊબડખાબડ ?
લબડધક્કે થતી એવી સફર મળે ન મળે.

અમે જોયા બધે જગમાં લોક મહેનતકશ,
કદી ના હો વળી એવી કમર મળે ન મળે.

**---આવડત અધૂરી**

**---જગદીશ ત્રિવેદી**

(આપણાં જાણીતા કવિ 'આદિલ' મન્સૂરીની પ્રખ્યાત ગઝલ 'નદીની રેતમાં' નું કવિએ કરેલ રૂપાંતર)

# ગઝલ

કરવી છે કોની, કેવી-કેવી વાત ? ગોઠવો,
ભેગાં થયા છો, તો ચલો પંચાત ગોઠવો.

કાયમ પ્રદર્શિત થાય તો કિંમત નહીં રહે,

ચ્હેરા ઉપર ચિંતા, પ્રસંગોપાત ગોઠવો.

ફાવી જશે પ્રત્યેક સ્થાને બેસવું પછી,

નાની જગામાં સ્હેજ મોટી જાત ગોઠવો.

રાખે ઝડપને કાબૂમાં રસ્તા ઉપરના બમ્પ,

એ સજ્જતાથી મોજમાં આઘાત ગોઠવો.

દોડી રહ્યાં છે એમને દેખાય એ રીતે,

આપો કે ના આપો ભલે, સોગાત ગોઠવો.

ભેટીને છુટ્ટા પડવું એ ઘટના પવિત્ર છે,

સમભાવપૂર્વક ભેટવા ઓકાત ગોઠવો.

આફત મળી છે એ જ રીતે ઊંઘ પણ મળે,

સળગી રહેલાં ઓરડામાં રાત ગોઠવો.

**- - - ભાવિન ગોપાણી**

# જે જુએ છે એ બધું જોવાય છે ?

જે જુએ છે એ બધું જોવાય છે ? ના ભાઈ ના,

સાચું કહેવાનું તને મન થાય છે ? ના ભાઈ ના.

તારા સુખ દુઃખમાં જે સાથે હોય છે, પણ તારાથી,

એવાં સંબંધો અહીં સચવાય છે ? ના ભાઈ ના.

તારા ઘરનો સાથિયો ભૂંસી ગયો, એના ઘરે,

તારાથી શું સાથિયા દોરાય છે ? ના ભાઈ ના.

જે બગીચે માળી ના હો, ત્યારે તારાથી તને,

ફૂલ ચૂંટી નાખતો રોકાય છે ? ના ભાઈ ના.

બોલ તારા ઘરનું દર્પણ બોલવા માંડે પછી,

એને પૂછવાનું તને મન થાય છે ? ના ભાઈ ના.

જિંદગી જેવી મળે, જીવી જવાની હોય છે,

આ સનાતન સત્ય સ્વીકારાય છે ? ના ભાઈ ના.

**- - - ગૌરાંગ ઠાકર**

# ગઝલ

આ નદી ને રણ પરસ્પરના બને પર્યાય તો !

કૃષ્ણ ગીતાનો કહે કોઈ નવો અધ્યાય તો !

હું યુગોથી જે સતત સમજાવવા મથતો રહ્યો,

એ હયાતીનાં રહસ્યો જો તને સમજાય તો !

એકતરફી પ્રેમ છે તો છે, કશો ગુનો નથી,
થાય છે મનમાં જે મારા એ તને પણ થાય તો !

એકમેકનાં મન સુધી તો પ્હોચવું બહુ દૂર છે,
પૂરતું છે આપણાચે મન સુધી પ્હોંચાય તો !

મોંઘી મોલી જિંદગી તો આમ પણ પૂરી થશે,
અન્યને સુખ આપવા થોડી ઘણી ખર્ચાય તો !

ઝૂંપડી અંધાર ઓઢીને સૂતી છે રાતભર,
સૂર્ય ઊગી સૌપ્રથમ જો ત્યાં જ પ્હોંચી જાય તો !

વૃક્ષતા સ્થિતપ્રજ્ઞ થઇ 'નાદાન' ઊભી છે છતાં,
નિત્ય ખરતાં પાંદડાંની વેદના સમજાય તો !

**---દિનેશ ડોંગરે 'નાદાન'**

# 🌹 જન્માષ્ટમીની શુભકામનાઓ 🌹

જ્યાં કર્મ હોય,
ત્યાં કૃષ્ણ હોય જ...
જો
સારા કરો તો સાથે,
ને
ખરાબ કરો તો સામે...!!!
નજર જો કૃષ્ણ ની હોય
તો જગત આખા માં પ્રેમ છે
અને
નજર જો રાધા ની હોય તો
જગત આખા માં કૃષ્ણ છે...

**પ્રસ્તુતિ :**

**શ્રીમતી માલતીબેન વી. પંડ્યા, મુંબઇ**

# ભગવાન શ્રીકૃષ્ણ અને ભગવદ્ ગીતા

**: સ્વામી નિખિલેશ્વરાનંદ...**

(શ્રીરામકૃષ્ણ જ્યોત અંક : August 2024 સાભાર )

ગીતાના ચોથા અધ્યાયમાં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, "આ અવિનાશી યોગ મેં વિવસ્વાનને કહ્યો હતો, વિવસ્વાને એ મનુને, (અને) મનુએ એ ઈક્ષ્વાકુને

કહ્યો હતો." અર્જુનને આ સાંભળી આશ્ચર્ય થયું. તેણે ભગવાન શ્રીકૃષ્ણને કહ્યું, "આપનો જન્મ તો હમણાં થયેલો છે અને વિવસ્વાન(સૂર્ય)નો જન્મ પહેલાંનો છે માટે આપે આ યોગ પહેલાં કહ્યો, એમ હું શી રીતે જાણું?" ત્યારે શ્રીકૃષ્ણે કહ્યું, "હું અને તું અનેક જન્મોમાંથી પસાર થઇ ગયા છીએ. હે અર્જુન, એ બધાને હું જાણું છું. તું, પરંતપ તે જાણતો નથી!"

આધુનિક માનવ અર્જુનની જેમ જ શ્રીકૃષ્ણની માનવલીલા વિશે જાણી સંશયમુક્ત થઇ જાય છે. તે શ્રીકૃષ્ણને સાધારણ રૂપે જુએ છે. ભગવાન શ્રીકૃષ્ણ આધુનિક માનવના અને અર્જુનના સંશયને દૂર કરવા પોતે 'અવતાર' છે તે વાતની પુષ્ટિ કરતાં કહે છે-

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम्॥
परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम्।
धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे॥

"હે ભરત કુલોત્પન્ન, જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મ વધે છે ત્યારે હું દેહ ધારણ કરું છું. સાધુજનોના રક્ષણને માટે, દુષ્ટોના નાશને માટે, અને ધર્મની સંસ્થાપના કરવા માટે હું યુગે યુગે જન્મ ધારણ કરું છું."

પૂર્ણ બ્રહ્મ પરમેશ્વર, સચ્ચિદાનંદ સ્વરૂપ જે અવિનાશી છે, અજન્મા છે, શું તે માનવનું રૂપ ધારણ કરી પૃથ્વીલોકમાં અવતરણ કરી શકે? આવો પ્રશ્ન આધુનિક મનમાં થાય છે. અર્જુન પણ શ્રીકૃષ્ણને સખારૂપે જ, એક માનવરૂપે જ જુએ છે, માટે ભગવાન શ્રીકૃષ્ણ આ સંશય દૂર કરવા ઉપરોક્ત શ્લોકોના માધ્યમથી પોતે સ્વીકાર કરે છે કે તેઓ ઈશ્વરના અવતાર છે. ઈશ્વરના અવતારનું પ્રયોજન પણ અહીં તેઓ દર્શાવે છે—ધર્મની સ્થાપના અને અનિષ્ટ તત્ત્વોનો વિનાશ.

રોજિંદા જીવનમાં આપણે જોઈએ છીએ કે જ્યારે કોઈ નાનો એવો ગુનો થઈ રહ્યો હોય ત્યારે પોલીસને મોકલવામાં આવે છે, મોટી ઘટના બની હોય તો પોલીસ ઓફિસરને મોકલવામાં આવે છે, પણ જ્યારે સ્થિતિ બેકાબૂ બની જાય છે ત્યારે સૌથી મોટા અધિકારી જાતે જ આ કટોકટીવાળી પરિસ્થિતિને નિયંત્રિત કરવા પહોંચી જાય છે. એવી જ રીતે સમાજનાં દૂષણોને દૂર કરવા આચાર્યો, સંતો, ધર્મોપદેશકો જન્મ ધારણ કરે છે. પણ પરિસ્થિતિ જ્યારે અત્યંત વણસી ગઈ હોય, મોટા પાયે અધર્મ ફેલાઈ ગયો હોય ત્યારે ઈશ્વર પોતે મનુષ્યદેહ ધારણ કરી પૃથ્વી પર અવતરે છે.

ભગવાન શ્રીકૃષ્ણ અવતાર રૂપે પ્રગટ થયા ત્યારે સમાજની સ્થિતિ અત્યંત કથળી ગઈ હતી. કંસ જેવા ક્રૂર ઘાતકી રાજાઓએ આતંક મચાવ્યો હતો. દુર્યોધન, દુઃશાસન વગેરે દુષ્ટો પ્રજા પર અત્યાચારો કરતા હતા, ભરી સભામાં નારીઓનું અપમાન થતું હતું, મૂલ્યોનું ધોવાણ થતું હતું. ત્યારે યુગાવતાર ભગવાન શ્રીકૃષ્ણે મનુષ્યરૂપે અવતરીને ધર્મની પુનઃસ્થાપના કરી અને દુષ્ટોનો વિનાશ કર્યો.

શ્રીમદ્ ભાગવતમાં ભગવાન શ્રીકૃષ્ણ વિશે કહેવામાં આવ્યું છે—एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम्। બીજા અવતારો તો ઈશ્વરના અંશ કે કલારૂપ હતા, કૃષ્ણ તો સ્વયં પરમેશ્વર પોતે જ છે.

સ્વામી વિવેકાનંદજી કહેતા, "કોઈપણ દૃષ્ટિકોણથી જુઓ તો પણ તમને પ્રતીતિ થશે કે શ્રીકૃષ્ણનું ચરિત્ર સર્વાંગસંપૂર્ણ છે. એમ જ માનો કે જ્ઞાન, કર્મ, ભક્તિ, યોગ કે સર્વનું તેઓ પ્રત્યક્ષરૂપ છે."

ભગવાન શ્રીકૃષ્ણની વિશ્વને સર્વશ્રેષ્ઠ ભેટ છે— ગીતાના જ્ઞાનની. આધુનિક માનવની બધી સમસ્યાઓનો ઉકેલ તેમાં મળી જાય છે.

આધુનિક માનવ અનેક સમસ્યાઓથી ઘેરાયેલો છે. ક્યારેક તે હિંમત હારી જાય છે, કાયરતા અને દુર્બળતાનો શિકાર બની જાય છે અને પલાયનવાદનો આશરો લે છે. વિદ્યાર્થી હોય તો પરીક્ષામાં 'ડ્રોપ' લે છે, ગૃહસ્થ હોય તો સંસારધર્મ છોડી વનમાં જવાનો વિચાર કરે છે. (જો કે આ સ્મશાન-વૈરાગ્ય વધુ સમય ટકતો નથી) તો વળી કોઈ વિવિધ પ્રકારનાં વ્યસનોનો આશરો લઈ સમસ્યાઓને ભૂલવાનો પ્રયાસ કરે છે. કોઈ કોઈ તો આત્મહત્યાનો પ્રયત્ન કરે છે, ક્યારેક આત્મહત્યા પણ કરી બેસે છે. આવા સમયે ગીતાનો સંદેશ આધુનિક માનવ માટે માનસિક ટોનિકનું કામ કરે છે.

અર્જુન મહાભારતના યુદ્ધ માટે પૂરી તૈયારી સાથે મેદાનમાં આવે છે. પણ જ્યારે તેના કહેવાથી ભગવાન શ્રીકૃષ્ણ સારથિરૂપે તેના રથને બે સેનાઓની વચ્ચે સ્થાપિત કરે છે ત્યારે સામેની વિશાળ સેના તથા મહારથીઓને જોઈ ભયભીત થઈ જાય છે અને પોતાની કાયરતા, નામર્દાઈ અને નિર્બળતાને ઢાંકવા ભગવાન શ્રીકૃષ્ણને યુદ્ધનાં વિષમ પરિણામો વિશે લાંબું ભાષણ આપે છે અને "હું યુદ્ધ નહીં કરું" એમ કહી પોતાના ધનુષ્યને નીચે મૂકી દઈ રથની પાછળ બેસી જાય છે. અર્જુનને આશા હતી કે ભગવાન શ્રીકૃષ્ણ તેનો વાંસો થાબડશે અને કહેશે, "અર્જુન, તેં સારું કામ કર્યું છે. તું ઉદારચરિત છે, તને સૌ પર કરુણા છે, તું કોઈને હણવા નથી માગતો, યોદ્ધા થવાને બદલે તું ભિખારી થવાનું પસંદ કરે છે." પણ ભગવાન શ્રીકૃષ્ણ તો મહાન મનોવૈજ્ઞાનિક છે. એ જાણી જાય છે, કે અર્જુનના આ ઉદ્ગારોનું કારણ તેનો મનોરોગ, તેની કાયરતા છે. આ મનોરોગીઓ માટે આઘાત-ચિકિત્સા (shock treatment)ની આવશ્યકતા હોય છે. માટે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે-

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परन्तप॥

"હે પાર્થ, આ નામર્દાઈને વશ ન થા, આ તને શોભતું નથી. હે પરંતપ! હૃદયની આ તુચ્છ દુર્બળતાનો ત્યાગ કરી ઊભો થઈ જા (અને યુદ્ધ કર)."

સ્વામી વિવેકાનંદ કહેતા, "જો તમે આ સંદેશને વિશ્વમાં પ્રસરાવી દેશો—क्लैब्यं मा स्म गमः पार्थ — તો આ બધા રોગ, શોક, પાપ, અને દુઃખ ત્રણ દિવસની અંદર પૃથ્વીમાંથી અદૃશ્ય થઈ જશે. આ બધા નિર્બળતાના વિચારો ક્યાંય નહીં રહે." તેમણે એવું પણ કહ્યું હતું, "જો કોઈ આ એક શ્લોકનો પાઠ કરે તો તેને સમસ્ત ગીતાના પાઠનું પુણ્ય મળી જશે, કારણ કે આ એક શ્લોકમાં ગીતાનો સંપૂર્ણ સંદેશો નિહિત છે."

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે—"क्लैब्यं मा स्म गमः पार्थ—હે પાર્થ, નામર્દાઈને પ્રાપ્ત ન થા" કોઈ પણ મર્દ માટે, પુરુષ માટે આ કઠોર શબ્દ છે, આઘાતજનક છે. શા માટે ભગવાન શ્રીકૃષ્ણ આવો આઘાતાજનક

શબ્દ વાપરે છે? કારણ કે ભગવાન શ્રીકૃષ્ણ એક મનોવૈજ્ઞાનિકની જેમ અર્જુનની યુદ્ધમાંથી પીછેહઠ કરવા પાછળની નિર્બળતાને પારખી લે છે. અર્જુન ભગવાન શ્રીકૃષ્ણને છેતરી શકે તેમ નથી. જાણે કે ઇરાદાપૂર્વક ભગવાન શ્રીકૃષ્ણ એક કુશળ મનોવૈજ્ઞાનિકની જેમ આઘાત-ચિકિત્સા (shock therapy) આપે છે અને ભગવાન શ્રીકૃષ્ણનાં શબ્દરૂપી તીર બરાબર અર્જુનના હૃદયમાં લાગે છે અને તે સ્વીકાર કરે છે કે તેનામાં દૈન્યનો દોષ આવી ગયો છે. તે કહે છે-

कार्पण्यदोषोपहतस्वभावः
पृच्छामि त्वां धर्मसम्मूढचेताः।

यच्छ्रेयः स्यानिश्चितं ब्रूहि तन्मे
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम्॥

"દૈન્યના દોષથી મારી જન્મજાત પ્રકૃતિ દબાઈ ગઈ છે અને મારા ધર્મ અને ફરજ વિશે હું મૂંઝવણ અનુભવું છું; માટે હું તમને પૂછું છું કે મારું શ્રેય શામાં છે તે સ્પષ્ટ કહો, હું તમારો શિષ્ય છું, તમારી શરણે આવેલા એવા મને બોધ આપો."

ગીતાનો આ સંદેશ—"क्लैब्यं मा स्म गमः पार्थ" આધુનિક માનવ માટે ટોનિક છે.

સ્વામી વિવેકાનંદજીએ ગીતા વિશે કહ્યું છે, 'ગીતામાં અપાયેલો શ્રીકૃષ્ણનો ઉપદેશ તો જગતે ભાગ્યે જ જાણ્યો હોય તેવો બધામાં સર્વોત્તમ છે. જેણે તે અદ્‌ભુત કાવ્ય રચ્યું તે એક એવા આત્માઓ માંહેનો હતો કે જેમનાં જીવન જગતભરમાં નવજીવનના તરંગો ઉત્પન્ન કરે. ગીતા જેણે રચી તેના જેવું મગજ માનવજાત ફરીથી કદાપિ નહીં જુએ.' આનાથી વધુ ગીતાની મહત્તા વિશે વધુ કોણ બોલી શકે?

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહેલા નીચેના અદ્‌ભુત સિદ્ધાંતનું જગત સમક્ષ એ પ્રતિપાદન અને ઉદ્‌ઘોષણ કરે છે: 'ગમે તે સ્વરૂપમાં જે કોઈ મારી પાસે આવે છે તે મને પામે છે. મને પામવાને મથતા સર્વ મનુષ્યોના જુદા જુદા માર્ગો અંતે મારી ભણી વળે છે.'

ગીતામાં પણ આપણે આ વાંચીએ છીએ અને જાણીએ છીએ કે આપણે કામ કરવાનું છે, સતતપણે આપણી પૂરી શક્તિથી કામ કરવાનું છે. આપણે જે કામ કરતા હોઈએ, પછી તે ગમે તેવું હોય, તેમાં **આપણા સમગ્ર મનને લગાડવાનું છે. સાથોસાથ તેમાં આસક્તિ ન હોવી જોઈએ. એટલે કે બીજી કોઈ બાબત વડે આપણે કર્મથી દૂર ખેંચાવું ન જોઈએ; સાથોસાથ મરજી થાય ત્યારે આપણે તે કર્મને છોડી દેવાને પણ શક્તિમાન થવું જોઈએ.**

**ભગવાન શ્રીકૃષ્ણના ચરણોમાં પ્રાર્થના કરીએ કે જેથી તેમના ગીતાના જ્ઞાનને આત્મસાત્ કરી માનવ-જીવન સાર્થક કરી શકીએ-**

**वसुदेवसुतं देवं कंसचाणूरमर्दनम्।**
**देवकीपरमानन्दं कृष्णं वन्दे जगद्‌गुरुम्॥**

**વસુદેવના દિવ્યપુત્રને, (અનિષ્ટ કરનારા) કંસ અને ચાણૂરનો વધ કરનારને, (માતા) દેવકીના પરમ આનંદને જગદ્‌ગુરુ કૃષ્ણને હું વંદન કરું છું...**

*******

# મહાન ફિલોસોફર : જિદ્દુ ક્રિશ્નમૂર્તિ ના વિચારો ..

જિદ્દુ ક્રિશ્નમૂર્તિ કહે છે કે વાસ્તવિકતા અને સત્યને સમજવા માટે મનની શિષ્ટતા અને સ્વાનુશાસનની જરૂર નથી, પરંતુ મનની પૂર્ણતામાં રહેલા મૌન અને નિરાલસ ભાવની જરૂર છે.

તેઓની મતે, વાસ્તવિકતા એ સમય અને મનોવૃત્તિઓમાં બંધાયેલી છે. જ્યારે આપણે વાસ્તવિકતાને સમજવા માટે કિસ્સાઓ, વિચારણા, અથવા વિશ્લેષણનો સહારો લઈએ છીએ, ત્યારે આપણે માત્ર ધૂંધીમાં જ વધુ ખૂંચાય છીએ.

ક્રિશ્નમૂર્તિ માટે સત્યનો અર્થ છે "જેમ છે તેમ" જોવું, જેનું કોઈ શેષ નથી, જે મનની કોઈ પણ પ્રતિક્રિયા કે વિચારધારાથી પર છે. સત્યની ઓળખ તો તે જ ક્ષણે થાય છે જ્યારે મન મૌન હોય અને કોઈ વ્યાખ્યાની ઝંઝાવાતમાં નહીં હોય.

વાસ્તવિકતા અને સત્ય વચ્ચેનો તફાવત સમજાવતાં, તેઓ કહે છે કે વાસ્તવિકતા એ માનવતાના અનુભવોનું પ્રતિક છે, જ્યારે સત્ય એ માનવતાથી પર, કાળ અને અવકાશથી વિમુક્ત છે.

સત્યને કોઈ પણ ભાષા, સંકેત, કે વિચાર દ્વારા વ્યાખ્યાયિત કરી શકાતું નથી. તે માત્ર અનુભવવાળા છે, તે પણ ત્યારે જ, જ્યારે મન સંપૂર્ણ રીતે મૌન હોય અને હિતકારી ધર્મમૂળ્યોથી પરિપૂર્ણ હોય.

ક્રિશ્નમૂર્તિ કહે છે કે માનસિક અને ભાવનાત્મક બંધનો આપણી ચેતનાને વાસ્તવિકતા સુધી મર્યાદિત કરે છે, પરંતુ સત્યને અનુભવવા માટે આ બંધનોમાંથી મુક્ત થવું જ જરૂરી છે.

અંતે, તેઓ આ નિષ્કર્ષે પહોંચે છે કે માનવજાતનો સંપૂર્ણ સ્વરૂપમાં ઉત્કર્ષ એ જ છે કે તે વાસ્તવિકતા અને સત્યને વિમુક્ત મન અને શાંત ચિત્તથી અનુભવે. આ અવસ્થામાં જ જીવવું એક પ્રકારનું યથાર્થ જીવન છે, જ્યાં કોઈ પણ પ્રકારનો મિશ્ર વિચાર કે કલ્પના નથી, પણ માત્ર નિષ્કલંક સત્ય છે.

જિદ્દુ ક્રિશ્નમૂર્તિના મતે, વાસ્તવિકતા અને સત્ય કોઈ વૈચારિક ધારણા નથી, પરંતુ જીવનને સજીવ અને તાજી રીતે સમજી લેવાની એક કળા છે. તેઓ કહે છે કે વાસ્તવિકતા એ જે છે તે છે—એમને સ્વીકારવાનો પ્રયાસ કરો. વાસ્તવિકતા માનવ મનોવિજ્ઞાન અને તેના પ્રત્યક્ષ અનુભવથી સંબંધિત છે. તેઓ જણાવે છે કે માનવી દ્વારા બનાવેલા દ્રષ્ટિકોણ અને માન્યતાઓ વાસ્તવિકતા સાથે ટકરાવે છે. વાસ્તવિકતા કોઈ પણ પ્રકારની વિધિ, અનુશાસન, અથવા ધારણા દ્વારા સમજી શકાય તેમ નથી. જો આપણે આ દ્રષ્ટિકોણમાંથી જીવનને જોવાનો પ્રયાસ કરીએ, તો આપણે માત્ર ધૂંધી અને ભ્રમ જ પેદા કરીએ છીએ. સત્યના સદ્દર્ભમાં, ક્રિશ્નમૂર્તિ કહે છે કે સત્ય એ ક્યારેય બદલાતું નથી, તે વાસ્તવિકતાની જેમ સ્થિતિ આધારિત નથી. સત્યની શોધખોળ માટે મનને પૂર્ણ શાંતિમાં રાખવી જરૂરી છે. સત્યને મનથી શોધવા કે વર્ણન કરવાની કોશિશ કરવી તે સત્યને નાપવું જેવા છે. તેઓ કહે છે કે મન પોતાનું છાયાં કાર્ય છે, અને સત્યની અનુરાધાનો અર્થ મનના દરેક ખૂણાને સંપૂર્ણ રીતે સમજી લેવું. જો મન સંપૂર્ણ રીતે મૌન થઈ જાય, તો

તે સત્યને જોવા સક્ષમ થાય છે. મનના કાઉંસિયલથી પર સાક્ષીભાવમાં જ સત્યનો અનુભવ શક્ય છે. મન જ્યાં કોઈ પણ પ્રકારની ક્રિયા નથી કરતું, તે તે મૌનનો વિસ્તાર છે, જ્યાં સત્ય અવતરણ પામે છે. સત્યને કોઈ પણ માર્ગ દ્વારા મેળવી શકાય તેમ નથી, કારણ કે તે કોઈ ગતિશીલ પ્રણાલી નથી. ક્રિશ્નમૂર્તિ કહે છે કે સત્યનું સંપૂર્ણ અનુરાધ અને વાસ્તવિકતા સાથેનું અસંગત સંબંધ છે. બંનેને સમજીને જ જીવવું જીવનનો સાર્થક પ્રયાસ છે.

(With the help of AI)

**પ્રસ્તુતિ : નરેન્દ્ર ડી. પટેલ**,

***

# ફોટો ગેલેરી

## આધ્યાત્મિક પ્રવાસ :

હરજીવન આશ્રમ થિયોસોફિકલ સોસાયટી, કડોલી દ્વારા આજે સવારે ૦૯-૦૦ કલાકે શ્રી સપ્તનાથ મહાદેવનો સફળ આધ્યાત્મિક પ્રવાસ યોજવામાં આવ્યો હતો. પ્રમુખ શ્રી કાંતિભાઈ પટેલના માર્ગદર્શન પ્રમાણે કાર્યક્રમમાં લગભગ ૭૦-૮૦ સભ્યોએ ભાગ લીધો હતો. ગુજરાત ફેડરેશનના મહામંત્રી શ્રી સી.કે. સોની સાહેબ ઉપરાંત સંસ્થાના ત્રણેય ઉપપ્રમુખ અનુક્રમે - શ્રી વિજયભાઈ પંડ્યા, શ્રી શંકરભાઈ પટેલ તથા શ્રી નરેન્દ્ર બી પટેલ, મંત્રી શ્રી નરેન્દ્રભાઈ ડી પટેલ, સુશ્રી નયનાબેન પંડ્યા, સહમંત્રીએ સૌની સાથે ઉત્કૃષ્ટ સહકાર આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કૈલાસબા રાઠોડે ભારત સમાજ પૂજા વિધિ કાર્ય સંપન્ન કરાવ્યું હતું.

લોજના કાર્યકરોમાં શ્રી જયેશ પંડ્યા, શ્રી ભૂપેન્દ્રસિંહ ઝાલા, શ્રી સુરેન્દ્રસિંહ ઝાલા, શ્રી ઉમેશ પંડ્યા, શ્રી મહેન્દ્ર સુથાર, શ્રી હસમુખ સુથાર, શ્રી નટવરલાલ મોઢપટેલ, શ્રી ધુળાજી, શ્રી સોહમ સાહેબ, શ્રી અમિતભાઈ મોઢપટેલ શ્રી પ્રકાશભાઈ પટેલ, હરજીવન મહિલા સંગઠનના તમામ બહેનો હાજર રહ્યા હતા.

બધા જ સભ્યશ્રીઓના પરિવારો ટિફિન સહિત હાજર રહી વહેંચીને ભોજન કર્યું હતું.

હરજીવન આશ્રમ કડોલીનો આ અભૂતપૂર્વ અને અનુપમ કાર્યક્રમ સર્વગ્રાહી અને અનુકરણીય સિદ્ધ થયો હતો.

આભાર !

**નરેન્દ્ર ડી પટેલ,** મંત્રી


















# ટીઓએસ અને હરજીવન મહિલા ગૃહ ઉદ્યોગ , કડોલી




હરજીવન આશ્રમ. TOS
મહિલા ગૃહ ઉદ્યોગ, કડોલી પ્રેરિત નૂતન સાહસ ...!
ડેટાબેઝ સર્વિસ
ઓન લાઈન એપ્લિકેશન, મેઈલ, ડિજીટલ બેનર્સ તમામ સુવિધાઓ માટે ભરોસાપાત્ર સ્થળ !
પ્રો. રીટાબેન પંડ્યા
સંપર્ક : +91067 39483


હરજીવન આશ્રમ, કડોલી
અનુપ્રેરિત
મહિલા ગૃહ ઉદ્યોગ
મહિલા વસ્ત્ર-પરિધાનની સિલાઈ માટે
સ્વાવલંબી-આત્મનિર્ભર મહિલા !
પ્રો. રશ્મિબેન પટેલ
મોબાઈલ - 93282 05950


અંબુજા સિમેંટ પ્રશિક્ષણ કેન્દ્ર
ગાંધીનગર
દ્વારા હરજીવન આશ્રમ, કડોલીના પ્રયાસોથી "ટેકનિકલ પ્રશિક્ષણ"ની ઉમદા તકો મળતી થઈ છે.
આપનાં સંતાનો, અભિભાવકોને પ્રેરિત કરી તે દિશામાં નિયોજિત થવા તૈયાર કરતા રહેવું એ પણ ઉત્તમ ગુણગ્રાહી સેવા છે.
આજે જ સંપર્ક કરો,
કાલની રાહ જોઈ શકાય નહીં..
હરજીવન આશ્રમ, કડોલી


હરજીવન મહિલા ગૃહઉદ્યોગ
કડોલી અનુપ્રેરિત
ઝરણા બ્યુટી પાર્લર,
કડોલી
(માત્ર મહિલાઓ માટે)
પ્રો. હેતલબેન યોગેશકુમાર પટેલ
9978541826